તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક :
કાર્તિક આર. ઉપાધ્યાય

Happy Navratri

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

વર્ષ : ૪૫ અંક : ૨૫૨ જૂનાગઢ તા.૭-૧૦-૨૦૨૧ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

## લખીમપુર હિંસા મામલે સુપ્રિમ કોર્ટમાં સુઓમોટો સુનાવણી

નવી દિલ્હી તા. ૭

ઉત્તાર પ્રદેશના લખીમપુરમાં થયેલી હિંસામાં સુપ્રીમ કોર્ટે સુઓમોટો લીધો છે.

ચીફ જસ્ટિસ એનવી રમન્ના, જસ્ટિસ સૂર્ય કાંત અને હીમા કોહલીની બેંચ આજે આ મામલા ઉપર સુનાવણી કરશે. લખીમપુરખીરીમાં રવિવારે થયેલી હિંસામાં ૪ કિસાનો સહિત ૯ લોકોના મોત થયા હતા

કિસાનોનો આરોપ છે કે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશીષ મિશ્રાએ કિસાનોને ગાડીથી કચડીને મારી નાખ્યા, જ્યારે મંત્રીના પુત્રનો દાવો છે કે તે ઘટનાસ્થળ ઉપર હાજર હતો નહીં. ત્યારબાદ ગુસ્સામાં આવેલા કિસાનોએ તોડફોડ અને આગચાંપી કરી હતી.

કેન્દ્રીય મંત્રીના ડ્રાઈવર સિવાય ભાજપના ૩ કાર્યકર્તાઓની હત્યા કરી દેવામાં આવી હતી. કવરેજ દરમ્યાન ઈજાગ્રસ્ત થયેલા એક પત્રકારનું પણ બીજા દિવસે મોત થયું હતું.

લખીમપુર ખીરી હિંસા મામલામાં કેન્દ્રીય મંત્રી અજય મિશ્રા ટેનીના પુત્ર આશીષ મિશ્રા અને ૧૫-૨૦ અજાણ્યા લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

## પાકિસ્તાનનાં બલુચિસ્તાન પ્રાંતમાં ૬ની તિવ્રતાનો ભુકંપ : ૨૦નાં મોત : ૨૦૦ ઘાયલ

ઈસ્લામાબાદ તા. ૭

પાકિસ્તાનમાં આજે વહેલી સવારે ૩.૩૦ વાગ્યાની આસપાસ બલુચિસ્તાન પ્રાંતના હરનેઈ વિસ્તારમાં ભૂકંપના તિવ્ર આંચકા અનુભવાયા હતા જેમાં ઓછામાં ઓછા ૨૦ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે. મૃતકોમાં એક મહિલા અને ૬ બાળકોનો સમાવેશ થાય છે. લગભગ ૨૦૦લોકોઘાયલ પણ થયાછે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૬ માપવામાં આવી છે. જિયોલોજિકલ સર્વેના જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૨૦.૮ કિમી નીચે હોવાનું જાણવા મળ્યું છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓનું કહેવું છે કે બચાવકાર્ય શરૂ કરવામાં આવ્યું છે. મૃત્યુઆંક વધુ વધી શકે છે.

સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂકંપને કારણે દીવાલ ધરાશાયી થતાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ આંચકા સિબી, પિશિન, મુસ્લિમ બાગ, સૈફલ્લાહ કાચલક કિલ્લા, હરનઈ અને બલુચિસ્તાન અને ક્વેટાના આસપાસના વિસ્તારોમાં અનુભવાયા હતા. ભુકંપને પગલે લોકો તેમના ઘરની બહાર રસ્તા પર આવી ગયા હતા.

નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી મુજબ, ભૂકંપના આંચકા આજે સવારે ૩.૩૦ કલાકે ભુકંપનો તિવ્ર આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર લગભગ ૨૦ કિલીમીટર (૧૨ માઈલ) જમીનની નીચે હતું. હરનઈ પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આવેલું છે. ભૂકંપના આંચકાઓથી અનેક મકાનોને પણ નુકસાન પહોંચ્યું છે. ભુકંપનીતીવ્રતા ઘણી તેજ હતી અને આસપાસના અનેકજિલ્લાઓમાં નુકસાનની વાત સામે આવી રહી છે.

પ્રાંતીય સરકારના એક વરિષ્ઠ અધિકારી સુહેલ અનવર હાશમીએ જણાવ્યું કે, છત અને દીવાલો પડવાથી અનેક લોકોનાં મોત થયા છે. મરનારાઓમાંએક મહિલા અને ૬ બાળકો પણ સામેલ છે. લોકોની મદદ અને બચાવ કાર્ય માટે ક્વેટાથી ભારે મશીનરી રવાના કરી દેવામાં આવી છે. હાલ ઘાયલ લોકોને હરનઈની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

## વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને નવરાત્રીની શુભેચ્છાઓ પાઠવી

નવી દિલ્હી,તા. ૭ : આજથી શરૂ થયેલ માતાજીની ભકિતના નવલા નોરતાની ભાવીકો દ્વારા શ્રધ્ધાપૂર્ણ ઉજવણી કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને આ પાવન પર્વે ટ્વીટ કરી શુભેચ્છા પાઠવી છે. ટ્વીટમાં નરેન્દ્ર મોદીએ આ તહેવાર જગત જનની માતાની ભકિતના દિવસો હોવાનું જણાવી નવરાત્રીના તહેવાર સૌના જીવનમાં સુખ સમૃધ્ધિ લાવે તેવી કામના વ્યકત કરી હતી.

## શ્રીનગરનાં ઈદગાહ વિસ્તારમાં આતંકવાદી હુમલો પ્રિન્સીપાલ અને શિક્ષકની ગોળી મારીને હત્યા

શ્રીનગર તા. ૭ શ્રીનગરનાં ઈદગાહ વિસ્તારમાં આજે બનેલી આતંકવાદી ઘટનામાં આતંકવાદીઓએ એક શાળામાં ઘુસીને શાળાનાં પ્રિન્સીપાલ અને શિક્ષકને ગોળી મારીને કરપીણ હત્યા કરી નાખી છે. છેલ્લા ૪૮ કલાકમાં આતંકવાદીઓએ પાંચ લોકોની નિર્મમ હત્યા કરી છે. શ્રીનગરમાં હત્યા કરાયેલ પ્રિન્સીપાલની ઓળખ સતિન્દર કૌર તરીકે થઈ છે. જયારે શિક્ષકનું નામ દિપકચંદ હોવાનું જાણવા મળે છે. આ ઘટના બાદ સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરીને આતંકવાદીઓને ઝડપી લો માટે યાપક ઓપરેશન હાથ ધર્યુ છે. આતંકાદી હુમલાથી સમગ્ર વિસ્તારમાં દહેશતનું વાતાવરણ ફેલાઈ ગયું છે.

## ઉત્તરપ્રદેશનાં બારાબંકીમાં બસ -ટ્રક વચ્ચે ભયાનક ટક્કર : ૯ મુસાફરોનાં ઘટનાસ્થળે જ મોત

બારાબંકી તા. ૭

ઉત્તરપ્રદેશમાં આજે સવારે બારાબંકીમાં એક ગમખ્વાર માર્ગ અકસ્માત થયો હતો. અહીંના દેવા વિસ્તારના બાબુરી ગામ નજીક એક ટૂરિસ્ટ બસ ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૯ મુસાફરનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જયારે ૨૭ ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ઘણાની હાલત ગંભીર છે. મૃત્યુની સંખ્યામાં વધારો થઈ શકે છે. તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બસ દિલ્હીથી બહરાઈચ જઈ રહી હતી. એમાં ૬૦-૭૦ મુસાફરો સવાર હતા. અચાનક રસ્તા ઉપર આવેલી ગાયને બચાવવા જતાં ટ્રક અને બસ અથડાઈ હોવાના અહેવાલ છે.

એસ.પી. યમુના પ્રસાદે જણાવ્યું હતું કે પોલીસ દળ દ્વારા ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. ટક્કર એટલી ગંભીર હતી કેબંને વાહનોનાં ફૂરચા ઊડી ગયા હતા. જેસીબીને ઘટનાસ્થળે બોલાવી બસ અને ટ્રકને અલગ કરવામાં આવી હતી.

ઘણા મૃતદેહો અને મુસાફરો ખરાબ રીતે ફસાયા ગયા હતા. કટર વડે ગાડીને કાપીને યાત્રીઓને કાઢવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે.

બસમાં સવાર શારદા નામની મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી. તેણે કહ્યુંહતું કે બસડ્રાઈવર અને કંડકટર દારૂ પી રહ્યાહતાં. તે લોકોએ બીજાને દારૂ પીવાની ના પાડી હતી, પરંતુ પોતે ચોરીછુપાઈને દારૂ પીતા હતા.

## રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાં ચેરમેન મુકેશ અંબાણી સતત ૧૪માં વર્ષે સૌથી સમૃધ્ધ ભારતીય : ફોર્બ્સ

નવી દિલ્હી તા.૬

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ૯૨.૭ બિલિયન ડોલરની સંપત્તિ સાથે ભારતના ૧૦ સૌથી અમીર અબજપતિઓની ફોર્બ્સની યાદીમાં સૌથી ટોચ ઉપર છે. મુકેશ અંબાણી સતત ૧૪માં વર્ષેથી ભારતના સૌથી અમીર હસ્તીઓની યાદીમાં ટોચ ઉપર રહ્યા છે. ત્યારબાદ અદાણી સમૂહના પ્રમુખ ગૌતમ અદાણી છે તેમની નેટ વર્થ ૭૪.૮ બિલિયન ડોલર છે. સાવિત્રી જિંદાલે ટોપ ૧૦ની યાદીમાં ૧૮ બિલિયન નેથ વર્થ સાથે ફરીથી સ્થાન મેળવ્યું છે. ચાર ફાર્મા બિલિયોનેરની સંપત્તિમાં ધોવાણ પણ થયું છે. ભારતના ૧૦૦ અમીર હસ્તીઓની કુલ સંપત્તિ હવે ૭૭૫ બિલિયન ડોલર થઈ ગઈ છે.

ફોર્બ્સના રિપોર્ટ મુજબ, ભારત કોવિડ-૧૯ બીજી લહેરના કારમા કહેરમાંથી બહાર આવી ગયો છે જેના કારણે રોકાણકારો વિશ્વની છઠ્ઠી સૌથી મોટી ઈકોનોમી ઉપર ફરીથી ભરોસો મૂકી રહ્યા છે. શેર માર્કેટમાં જોવા મળી રહેલી તેજીની વચ્ચે ભારતના સૌથી ધનાઢ્ય ૧૦૦ હસ્તીઓની સંયુકત સંપત્તિ ૭૭૫ બિલિયન અમેરિકન ડોલરે પહોંચી છે. નોંધનીય છે કે, છેલ્લા ૧૨ મહિનામાં ધનાઢ્ય હસ્તીઓની સંપત્તિમાં ૫૦ ટકા એટલે કે ૨૫૭ બિલિયન ડોલરનો વધારો નોંધાયો છે.

ARENA ANIMATION
www.arenamultimedia.in
ANIMATION
VFX & GAMING
WEB DESIGN
GRAPHIC DESIGN
Ahmedabad :
C.G.ROAD : 8140240265
DRIVE-IN RD : 7045131630
MANINAGAR : 7575033358

ઝાંઝરડા ચોકડીની બાજુમાં જૂનાગઢ
બુકીંગ ઓપન
નવરાત્રીમાં
બુકીંગ કરાવનારને
ફ્રી
હોન્ડા એકટીવા



બુકીંગ સંપર્ક
મો. ૮૭૯૯૬ ૪૫૯૫૫
શ્રી 4BHK PREMIUM LIVING... BUNGALOWS



સાઈટ : શ્રી રેસીડેન્સી
અક્ષર પ્લાઝા એ-બી પાછળ,
ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ



### સમગ્ર રાજ્યમાં અંધારપટ્ટ છવાવાની શકયતા

# વીજ મથકો બંધ થવાના કારણે ૩ હજાર મેગા વોટ વીજ અછત

## UGVCL, PGVCL, MGVCL, DGVCL દ્વારા વીજકાપ કરવામાં આવી શકે છે, દેશ ઉપર વીજ સંકટ

અમદાવાદ,તા.૭

સમગ્ર ગુજરાત રાજ્યમાં અંધારપટ્ટ છવાય તેવી સ્થિતિ પેદા થઈ ગઈ છે. રાજ્યમાં વીજ સંકટ આવી શકે છે. કોલસાની અછતના કારણે વીજળીની અછત ઉભી થઈ શકે છે. કોલસા આધારિત વીજ મથકો બંધ થવાના કારણે ૩ હજાર મેગા વોટ વીજ અછત પેદા થઈ છે. ત્યારે માત્ર ઉત્તર ગુજરાત નહીં સમગ્ર રાજ્યમાં વીજ સંકટ ઉભું થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાતમાં હાલના તબક્કે વીજ કાપ અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. દેશભરમાં ઉભા થયેલા કોલસાની અછતના કારણે વીજળી ઉત્પાદનમાં ઘટાડો થયો છે. તો બીજી તરફ રાજ્યમાં વીજ વપરાશ વધતા વીજ કંપનીઓ વીજ કાપ મુકી શકાય છે. વીજ ઉત્પાદન સામે લોડનું પ્રમાણ વધતા વીજ ઉત્પાદન અને વીજ વપરાશની માંગ સરભર ના થાય ત્યાં સુધી વીજ કંપનીઓ દ્વારા વીજ કાપ મુકવાનો નિર્ણય લેવામાં આવી શકે છે. ત્યારે UGVCL, PGVCL, MGVCL, DGVCL દ્વારા વીજકાપ કરવામાં આવી શકે છે. રીયલ ટાઈમ લોડીંગ કંડીશન પ્રમાણે વીજ કાપનો નિર્ણય લેવાઈ શકે છે. બરોડા ખાતેથી વીજ વપરાશનું મોનીટરીંગ કરાઈ રહ્યું છે. વીજ વપરાશ બેલેન્સ ના કરવામાં આવે તો સમગ્ર રાજ્યમાં અંધારપટ્ટ છવાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, દેશપર વીજ સંકટ તોળાઈ રહ્યું છે. દેશમાં હવે માત્ર ૪ દિવસ વીજળી ચાલે તેટલો જ કોલસાનો સ્ટોક બચ્યો છે. મહત્વનું છે વીજળીના ઉત્પાદનમાં મોટાભાગે કોલસાનો જ ઉપયોગ થાય છે. પરંતુ કોલસાની આવક ઘટતા હવે સ્ટોક ખાલી થવા લાગ્યો છે. દેશમાં ૭૦ વીજ ઉત્પાદન કોલસાથી જ થાય છે. દેશના કુલ ૧૩૫ થર્મલ પાવર પ્લાન્ટમાંથી ૭૨ માં માત્ર ૩ દિવસ ચાલે તેટલો જ કોલસાનો સ્ટોક છે. તો ૫૦ પાવર પ્લાન્ટમાં ૪ થી ૧૦ દિવસ ચાલે તેટલો કોલસાનો સ્ટોક છે. જ્યારે ૧૩ જ પ્લાન્ટ એવા છે જેમની પાસે ૧૦ દિવસથી વધુ ચાલે તેટલો કોલસાનો સ્ટોક છે. ભારે વરસાદથી કોલસાના ઉત્પાદનમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. કોલસાની વધતી કિંમત અને ટ્રાન્સપોર્ટેશનનમાં આવી રહેલા અવરોધથી સ્ટોક પર અસર વર્તાઈ રહી છે. ઊર્જા મંત્રાલયે કહ્યું કે કોલસાનો સ્ટોખ ખાલી થવા પાછળ કોરોના પણ જવાબદાર છે. કોરોનાકાળમાં કોલસાની માગ સતત વધી છે. વર્ષ ૨૦૧૯ ના ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં વીજળીની માગ ૧૦ હજાર ૬૬૦ કરોડ યૂનિટની હતી. જે વધીને ૨૦૨૧ માં ૧૩ હજાર ૪૨૦ કરોડ યૂનિટ થઈ ગઈ છે.

### વરસાદ ગુજરાતની નવરાત્રી બગાડશે ?

# નવરાત્રી દરમ્યાન રાજ્યમાં વરસાદ પડવાની આગાહી

## રાજ્યના સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં વરસાદ રહેશે દક્ષિણ ગુજરાતમાં વરસાદની સાથે પવન ફૂંકાવાની સંભાવના

અમદાવાદ,તા.૭

આજથી નવરાત્રી શરૂ થઈ રહી છે ત્યારે રાજ્યના હવામાનમાં પણ પલ્ટો આવવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે જેમાં રાજ્યના દક્ષિણ ભાગ અને સૌરાષ્ટ્રમાં છૂટો છવાયો વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યના સુરત, ભરૂચ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી અને દીવમાં હળવો વરસાદ થવાની શક્યતાઓ વ્યકત કરવામાં આવી છે. આ સિવાય રાજ્યના ઉત્તર તથા મધ્ય ભાગમાં વાતાવરણમાં કોઈ પલ્ટાની આગાહી નથી. એટલે કે અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી નથી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે રાજ્યના દક્ષિણભાગમાં તથા સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં વરસાદની વકી છે. હળવા વરસાદની આગાહી છે પરંતુ જો વરસાદ રાતના સમયે આવ્યો તો ખેલૈયાઓના રંગમાં ભંગ પડી શકે છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, મહેસાણા, પાટણ સહિતના મધ્ય અને ઉત્તર ગુજરાતમાં હવામાન સાફ રહેવાની આગાહી વ્યકત કરવામાં આવી છે. આગાહી પ્રમાણે આજે તથા આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદ રહેશે. રવિવાર સુધી વરસાદ રહેવાની આગાહી સ્થાનિક હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદની સાથે ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની પણ સંભાવના વ્યકત કરવામાં આવી છે. મહત્વનું છે કે આ વર્ષે રાજ્યમાં માત્ર શેરી ગરબાનું જ આયોજન કરવાની મંજૂરી આપવામાં આવી છે. જેમાં પાર્ટી પ્લોટ અને ક્લબોમાં ગરબાનું આયોજન કરવા પર રાજ્ય સરકાર દ્વારા મનાઈ ફરમાવવામાં આવી છે. કોરોનાની સ્થિતિ હાલ કાબૂમાં છે અને આગામી દિવસોમાં તહેવારોના લીધે તે ફરી બેકાબૂ ના બને તે માટે નવરાત્રીને લઈને ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ સાથે અલગ-અલગ શહેરો અને જિલ્લાઓ પ્રમાણે કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને નવરાત્રીના આયોજન અંગે કેટલીક જરૂરી વાતો કહેવામાં આવી છે.

## હિસામાં માર્યા ગયેલા ખેડૂતોનાં સમર્થનમાં કોંગ્રેસ આજે પંજાબથી ઉત્તરપ્રદેશનાં લખીમપુર ખેરી સુધી માર્ચ કરશે : નવજોતસિંહ સિધ્ધુ

નવી દિલ્હી તા.૭

કોંગ્રેસ આજે પંજાબથી ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરી સુધી માર્ચ કરશે, તેવી માહિતી પાર્ટીના નેતા નવજોત સિંહ સિદ્ધુ દ્વારા આપવામાં આવી હતી. સિદ્ધુએ જણાવ્યું હતુ કે, રવિવારે લખીમપુરમાં હિંસામાં માર્યા ગયેલા ખેડૂતોના સમર્થનમાં આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. નવજોત સિદ્ધુના કાર્યાલય દ્વારા આ અંગે આપવામાં આવેલી માહિતીમાં જણાવવામાં આવ્યું હતું કે, આ માર્ચનું નેતૃત્વ સિદ્ધુ કરશે. અત્રે નોંધનીય છે કે, પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેષ બઘેલ દ્વારા લખીમપુર હિંસામાં માર્યા ગયેલા ચાર ખેડૂતોના પરિવારો માટે રૂા.૫૦ લાખના વળતરની જાહેરાત કરવામાં આવી છે. દરમ્યાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસનું પાંચ સભ્યોનું એક પ્રતિનિધિમંડળ બુધવારે લખીમપુર ખેરી જવા માટે લખનૌ એરપોર્ટ ખાતે પહોંચ્યું હતું. રાહુલ સાથે આ પ્રતિનિધિમંડળમાં ભૂપેષ બઘેલ, ચરણજીત ચન્ની, કે.સી. વેણુગોપાલ અને રણદીપ સુરજેવાલા સામેલ હતા. ભાજપના નેતાઓ દ્વારા ખેડૂતો સામે ક્રૂરતાની તમામ હદો પાર કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના પુત્રે વિરોધ કરી રહેલા કિસાનો ઉપર પોતાની કાર ચઢાવી દીધી હતી. જેમાં ચાર ધરતીપુત્રો અન્ય ચાર લોકોના મોત થયા હોવાનું અને અનેક લોકોનો ઈજા પહોંચી હોવાનું સંયુકત કિસાન મોરચાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ ઘટના બાદ રાજ્યના લખીમપુર ખેરી ખાતે હિંસા ફાટી નીકળી હતી. સ્થાનિક ખેડૂતો રવિવારે સવારથી જ કેન્દ્રીય મંત્રી અજય મિશ્રા અને ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ મૌર્યની મુલાકાતનો વિરોધ કરી રહ્યાં હતા. કિસાનો ઉપર ગાડી ચઢાવી દેવાની ઘટના બાદ ઉશ્કેરાયેલા લોકોએ કાર સળગાવી દીધી હતી. સ્થિતિ ઉપર કાબૂ મેળવવા ભારે સંખ્યામાં પોલીસ દળ તહેનાત કરી દેવામાં આવ્યું હતું. ઉત્તરપ્રદેશના સીતાપુરમાં હરગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદને આધારે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીની ધરપકડ કરવામાં આવી હતી. તેમની સામે પ્રતિબંધાત્મક આદેશોનું ઉલ્લંઘન કરવા મામલે પણ કાર્યવાહી કરાઈ હતી. પ્રિયંકા ગાંધી આ હિંસાના પીડિત પરિવારોની મુલાકાતે જઈ રહ્યાં હતા. હરગાંવ પોલીસ સ્ટેશનના એસએચઓના જણાવ્યા અનુસાર, ૧૧ લોકો સામે શાંતિ ભંગ કરવાના આરોપ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમની સામે ફરિયાદ કરવામાં આવી છે તેમાં પ્રિયંકા ગાંધી વાડરા, દીપેન્દ્ર હૂડા અને અજય કુમાર લલ્લુનો પણ સમાવેશ થાય છે.

## રિલાયન્સ રિટેલ વેન્ચર્સ દ્વારા ભારતમાં ૭-ELEVEN® કન્વિનિયન્સ સ્ટોર્સ શરૂ કરશે

મુંબઈ તા.૭

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડ(RRVL) તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ૭-ઈન્ડિયા કન્વિનિયન્સ રિટેલ લિમિટેડ દ્વારા ૭-ઈલેવન, ઈન્ક(SEI) સાથે ભારતમાં ૭-ELEVEN® કન્વિનિયન્સ સ્ટોર્સ ભારતમાં શરૂ કરવા માટે માસ્ટર ફ્રેન્ચાઈઝી કરાર કર્યા છે. પહેલો ૭-ઈલેવન સ્ટોર ૯ ઓક્ટોબર શનિવારે મુંબઈના અંધેરી ઈસ્ટમાં શરૂ કરવામાં આવશે. ત્યારબાદ ગ્રેટર મુંબઈ ક્લસ્ટરના મહત્વના વિસ્તારો અને કોમર્શિયલ સંકુલોમાં ઝડપથી સ્ટોર્સ શરૂ કરવામાં આવશે. ૭-ઈલેવન સ્ટોર્સની શરૂઆત સાથે, દેશના સૌથી મોટા રિટેલર તરીકે RVL, ભારતીય ગ્રાહકો માટે ખરીદીનો શ્રેષ્ઠ અનુભવ અને આકર્ષક મૂલ્ય રજૂ કરવાની તેની સફરમાં એક પગલું આગળ વધે છે. ૭-ઈલેવન સ્ટોર્સ ગ્રાહકોને નવીન પ્રકારની અનુકૂળતા પૂરી પાડે છે, જેમાં અનેક પ્રકારના ઠંડાપીણા, નાસ્તા અને સ્થાનિક સ્વાદને અનુરૂપ તૈયાર કરાયેલી વાનગીઓ, ઉપરાંત દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે જેમાં પોસાય તેવી કિંમતો અને સ્વચ્છતા સ્ટોરના કેન્દ્રસ્થાને રહેશે. સ્ટોર્સના ઝડપી વિસ્તરણ આયોજન સાથે આ શરૂઆત સ્થાનિક રોજગારી પૂરી પાડવામાં મહત્વનું યોગદાન આપે તેવી અપેક્ષા છે અને સુગમ ખાદ્યપદાર્થો પૂરા પાડવાનું માળખું પણ તૈયાર કરશે. સેવન ઈલેવન ઈન્ક RRVLને ભારતમાં ૭-ઈલેવન કન્વિનિયન્સ રિટેલ બિઝનેસ મોડેલના અમલીકરણ તથા સ્થાનિકીકરણ કરવામાં મદદ કરશે, જેમાં શ્રેષ્ઠત્તમ પ્રક્રિયાઓ અને વ્યવહારો લાવવાનો પણ સમાવેશ થાય છે. રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડના ડિરેકટર ઈશા અંબાણીએ જણાવ્યું કે, "રિલાયન્સમાં અમે અમે અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ ઓફર કરવામાં ગર્વ અનુભવીએ છીએ અને સમગ્ર વિશ્વમાં ભરોસાપાત્ર સ્ટોર્સ તરીકે પ્રસિદ્ધ ૭-ઈલેવનને ભારતમાં લાવતાં ગર્વ અનુભવીએ છીએ. કન્વિનિયન્સ રિટેલ ક્ષેત્રે ૭-ઈલેવન વિશ્વની સૌથી પ્રસિદ્ધ બ્રાન્ડ્સમાંની એક છે. અમે SEI સાથે મળીને જે કેડી કંડારવાના છીએ તેમાં ભારતીય ગ્રાહકોને તેમની નજીકમાંજ વધુ સુવિધા અને પસંદગીઓ મળશે." "ભારત વિશ્વનો બીજો સૌથી મોટો દેશ છે અને વિશ્વનું સૌથી તેજ ગતિએ આગળ વધતું અર્થતંત્ર પણ છે. વિશ્વના સૌથી મોટા કન્વિનિયન્સ રિટેલર તરીકે અમારા માટે આ સૌથી શ્રેષ્ઠ સમય છે કે અમે ભારતમાં પ્રવેશ કરીએ", તેમ SEIના પ્રેસિડેન્ટ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જોએ ડીપિન્ટોએ જણાવ્યું હતું. "રિલાયન્સ રિટેલ વેન્ચર્સ સાથે અમારી વ્યુહાત્મક ભાગીદારી ૭-ઈલેવન બ્રાન્ડના અનુકૂળ ઉત્પાદનો અને સેવાઓ લાખો ભારતીયો સુધી પહોંચાડશે અને તેની શરૂઆત મુંબઈથી થઈ રહી છે."

## દ્વારકાના નાગેશ્વર રોડ ઉપર આવેલ ગૌશાળા ખાતે સમસ્ત વાઘેર સમાજ દ્વારા સમૂહ પિતૃતર્પણ યોજાયું



દ્વારકા તા.૭

યાત્રાધામ દ્વારકાના નાગેશ્વર રોડ ઉપર આવેલ ક્ષત્રિય વાઘેર સમાજના પ્રમુખ પબુભા વિરમભા માણેક સંચાલિત ગૌશાળા ખાતે શ્રાદ્ધપક્ષના અંતિમ દિવસ એટલે કે સર્વપિત્રી અમાવસ્યા નિમિત્તે સમસ્ત વાઘેર સમાજ દ્વારા સમૂહ પિતૃતર્પણનું આયોજન કરવામાં આવ્યું હતું.

પબુભા માણેકની આગેવાનીમાં ગૌશાળા ખાતે સવારે ૯ થી ૧૨ દરમ્યાન યોજાયેલ ધાર્મીક આયોજનમાં મોટી સંખ્યામાં વાઘેર સમાજના લોકો તર્પણ વિધીમાં જોડાયા હતા. સમૂહ તર્પણ વિધિ બાદ જ્ઞાતિજનોએ જ્ઞાતિભોજન પ્રસાદી પણ લીધી હતી.

## વડોદરાનાં હાઈપ્રોફાઈલ રેપ કેસનો આરોપી અશોક જૈન આજે સવારે પાલીતાણાથી ઝડપાયો : અલ્પુ સિંધી હરીયાણાથી ઝડપાયો

વડોદરા તા. ૭

વડોદરા હાઈ પ્રોફાઈલ રેપકેસમાં ભાગેડુ આરોપી અશોક જૈનની ક્રાઈમ બ્રાંચે પાલિતાણાથી આજે વહેલી સવારે ધરપકડ કરી લીધી છે. આ ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમના સયુંકત ઓપરેશનમાં આરોપી અલ્પુ સિંધી પણ હરિયાણાથી પકડાઈ ગયો છે. અલ્પુ સિંધી પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ છે. આજે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી વડોદરા શહેરની મુલાકાતે છે, તે સમયે જ આરોપી અશોક જૈન અને અલ્પુ સિંધી પકડાઈ જતા અનેક તર્ક વિતર્કો ઉભા થયા છે અને વડોદરામાં આ મુદ્દો ટોક ઓફ ટાઉન બન્યો છે.

આ પહેલા આ કેસના અન્ય આરોપી રાજુ ભટ્ટના પોલીસે ૩ દિવસના રિમાન્ડ મેળવી રિકન્સ્ટ્રકશન સહિતની તપાસ કરી હતી. રિમાન્ડ પૂર્ણ થતાં તેના વધુ ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા અને ઊંડાણપૂર્વક સમગ્ર મામલાની પૂછપરછ કરી હતી. રાજુ ભટ્ટના ૩ દિવસના રિમાન્ડ પૂરા થતાં પોલીસે તેને અદાલતમાં રજૂ કર્યો હતો, જયાં કોર્ટે આરોપીને જયુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કર્યો હતો.

## રાજકોટ ખાતે પ્રશિક્ષણ વર્ગનાં આયોજન માટે ભાજપ સૌરાષ્ટ્ર ઝોનની બેઠક યોજાઈ



જૂનાગઢ તા.૭

આગામી તા.૧૯-૧૦-૨૦૨૧ થી ૨૭-૧૦૨૦૨૧ સુધી સૌરાષ્ટ્ર ઝોનમાં આયોજિત પ્રશિક્ષણ વર્ગના આયોજન માટે ભારતીય જનતા પાર્ટી સૌરાષ્ટ્ર ઝોનની બેઠક પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને સૌરાષ્ટ્ર ઝોન પ્રશિક્ષણ વર્ગનાં ઈન્ચાર્જ પ્રદિપભાઈ ખીમાણી, ધનસુખભાઈ ભંડેરી, જેન્તીભાઈ કવાડીયા, પ્રદીપભાઈ વાળા, ચંદ્રશેખરભાઈ દવે, કમલેશભાઈ મીરાણી તથા બીનાબેન આચાર્યની ઉપસ્થિતિમાં રાજકોટ શહેર ભાજપ કાર્યાલયમાં યોજાઈ હતી. જેમાં ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરના પ્રમુખ પુનિતભાઈ શર્માની સુચનાથી જૂનાગઢ મહાનગરમાંથી મહાનગર સંગઠન મહામંત્રી સંજયભાઈ મણવર, મિડિયા વિભાગનાં સંજય પંડ્યા તથા હોદેદાર હસમુખભાઈ ખેરાણા ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં જૂનાગઢ મહાનગરના આગામી તા.૨૫, ૨૬, ૨૭ના રોજ ચાપરડા ખાતે આયોજિત પ્રશિક્ષણ વર્ગની જવાબદારી સંજયભાઈ પંડ્યા, પ્રવિણભાઈ અકબરી તથા હસમુખભાઈ ખેરાણાને સોંપવામાં આવી હતી.

## ખંભાળિયામાં આદ્ય શક્તિની ઉપાસનાના પર્વનો પ્રારંભ, જુદા જુદા વિસ્તારોમાં શેરી ગરબાના ધર્મમય આયોજનો




જામ ખંભાળિયા તા.૭

આદ્યશક્તિની આરાધનાના મહાપર્વ નવરાત્રિનો આજથી ખંભાળિયા પંથકમાં પણ મંગલ પ્રારંભ થયો છે. નવરાત્રી પ્રસંગે ખંભાળિયા પંથકના માઈ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માતાજીની ઉપાસના સાથે અનેક ભક્તજનો દ્વારા ઉપવાસ-એકટાણા મારફતે પુણ્યનું ભાથું બાંધવામાં આવે છે. ખંભાળિયા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પારંપરિક ગરબીના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. કોવિડ પરિસ્થિતિમાં સરકારની ગાઈડલાઈનને અનુસરીને નવરાત્રિની ઉજવણી કરવામાં આવી રહી છે. અહીંના પોશ વિસ્તાર રામનાથ સોસાયટી, વારાહી ચોક, નવાપરા, સલાયા ગેઈટ વિગેરે વિસ્તારોમાં શેરી નવરાત્રીમાં પારંપરિક ગરબાઓ મારફતે બાળાઓ આદ્યશક્તિની ઉપાસના કરશે. કમુરતા પૂર્ણ થતાં અને નવરાત્રીના તહેવારોનો પ્રારંભ થતાં શહેરની બજારોમાં અનેરી ચમક જોવા મળી રહી છે. નોરતાને અનુલક્ષીને ગરબા, ચુંદડી વિગેરેની ખરીદી ઉપરાંત લોકો ઈલેકટ્રોનિક્સ, કપડા, મોબાઈલ વિગેરેની પણ ખરીદી કરવા બજારોમાં ઉમટી પડ્યા હતા. હાલ ચોમાસાની સાનુકૂળ પરિસ્થિતિ તથા સોળઆની વર્ષ વચ્ચે બજારોમાં ઘરાકી તથા ખરીદીની ચમક જોવા મળી રહી છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં કાપડ, જવેલરી, મોબાઈલ, સહિતના અનેક શોરૂમ ખુલતા આગામી સમયમાં શહેરમાં આર્થિક ગતિવિધિ વધુ તેજ થાય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. જે સંદર્ભે ખાસ કરીને વેપારીઓ તથા બિલ્ડર્સ લોકોએ રાહત સાથે હાશકારો અનુભવ્યો છે.

આમ, નવરાત્રી તથા પછીના સમયમાં બજારો પૂર્નઃ ધમધમતી થવાના નિર્દેશો સાથે હાલ નવરાત્રીના દિવસોમાં લોકો માંની આરાધના તેમજ પૂજન સાથે આગામી સમય કોરોના મુકત અને સૌ માટે સુખદાયી બની રહે તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૪૩ ટકા વરસાદ થતાં પાક-પાણીનું ચિત્ર ઉજળું : મેઘ વિરામ થતા લોકોમાં હાશકારો

જામ ખંભાળિયા તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે ચોમાસાની ઋતુનો પ્રારંભ મોડો પરંતુ અંતમાં સાનુકૂળ માહોલ વચ્ચે આ ઋતુ હાલ મહદ અંશે પૂર્ણ થઈ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ ચાર તાલુકાઓમાં સો ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. હાલ છેલ્લા થોડા દિવસ પૂર્વેના નોંધપાત્ર વરસાદ છેલ્લા કેટલાક દિવસોથી મેઘ વિરામ રહેતા લોકોએ તથા ખાસ કરીને ધરતીપુત્રોએ પણ રાહતનો દમ ખેંચ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી વધુ વરસાદ દ્વારકા તાલુકામાં ૩૨ ઈંચ (૮૦૩ મી.મી.) સાથે ૧૫૮.૩૮ ટકા નોંધાયો છે. આ ઉપરાંત કલ્યાણપુર તાલુકામાં ૪૮ ઈંચ (૧,૨૦૮ મી.મી.) સાથે ૧૪૬.૦૭ ટકા કુલ વરસાદ નોંધાયો છે. જ્યારે ખંભાળિયા તાલુકામાં સાડા ૪૪ ઈંચ(૧૧૧૫ મિલીમીટર) સાથે ૧૪૨.૫૮ ટકા અને ભાણવડ તાલુકામાં ૩૬ ઈંચ (૯૦૨ મી.મી.) સાથે ૧૨૭.૩૧ ટકા વરસાદ વરસ્યો છે. આમ, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી ચોપડે ૧૪૨.૮૪ ટકા કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેઘ વિરામ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી વરાપ સાથે નોંધપાત્ર ગરમીભર્યો માહોલ છવાયો છે. જિલ્લાના નાના-મોટા જળાશયો હાલ ભરચક છે અને મહદ અંશે સોળ આની વર્ષ હોવાનું મનાઈ રહ્યું છે. રાજયના અન્ય જિલ્લાઓની સરખામણીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લો વરસાદની દ્રષ્ટિએ સદભાગી બની રહ્યો છે. હાલ જિલ્લામાં રોકડીયા મનાતા પાકો મગફળી તથા કપાસનું વાવેતર વધુ થયુંછે. આ ઉપરાંત ધાન્ય તથા કઠોળનું વાવેતર પણ અનેક ખેડૂતોએ કર્યુ છે. જેના સાનુકૂળ પરિણામો આગામી સમયમાં જોવા મળશે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ચોમાસાની વિદાય નક્કી છે અને હવે નોંધપાત્ર વરસાદ વરસવાની સંભાવના નહિવત્ છે.

### ભાચા ગામે વીજળી પડતા બળદનું મોત



(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૭

ઉના તાલુકાનાં ભાચા ગામે ગઈકાલે બપોર બાદ વરસાદ શરૂ થયેલ અને અચાનક વીજળી પડતા વિરાભાઈ મણીભાઈ કિડેચાના બળદનું મૃત્યું થયું હતું. આ ઘટનાથી ખેડૂતની સ્થિતિ કફોડી બની જવા પામી છે.

## માળીયાનાં ભંડુરીમાંથી ૬ જુગારી ઝડપાયા

જૂનાગઢ તા. ૭

માળીયા હાટીના પોલીસે ભંડુરી ગામે જાહેરમાં જુગાર રમતા ધર્મેન્દ્ર બાબુભાઈ ચુડાસમા, નરેન્દ્ર ચુડાસમા, સંજય ચુડાસમા, ધર્મેન્દ્ર મનસુખભાઈ ચુડાસમા, અશ્વિન મકવાણા અને દિનેશ ચુડાસમાને રોકડ રૂા. ૧૮૨૩૦, મોબાઈલ-૩ મળી કુલ રૂા. ૨૮૭૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

# જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં નવરાત્રીનો ભકિતભાવ પૂર્વક પ્રારંભ માતાજીના મંદિરોમાં દર્શનાર્થે ભાવિકો ઉમટી પડયા






જૂનાગઢ, તા.૭

શકિતની આરાધનાના પર્વ એવા આસો માસની નવરાત્રી મહોત્સવનો આજથી શુભારંભ થયો છે ત્યારે જૂનાગઢ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં માતાજીના ભકતો દ્વારા શકિતની આરાધના, પૂજન વિધી, અનુષ્ઠાન સહીતના કાર્યક્રમો યોજવામાં આવી રહેલ છે. આજે અંબાજી માતાજી મંદિર, ખોડીયાર માતાજી મંદિર, વાઘેશ્વરી માતાજી મંદિર, ગાયત્રી માતાજી મંદિર, ચામુંડા માતાજી મંદિર, મહાલક્ષ્મી માતાજી મંદિર, રાંદલમા માતાજી મંદિર સહીતના વિવિધ મંદિરોમાં ભકતજનોની સવારથી જ દર્શનાર્થે ભીડ રહી છે. આજ આસો સુદ એકમથી નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે માતાજીનાં મંદિરોમાં પૂજન, અર્ચન, આરતી, અનુષ્ઠાન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શક્તિપીઠોમાં પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. દરમ્યાન આજે નવરાત્રીના પ્રથમ દિવસે જ જૂનાગઢ શહેરમાં આવેલાં માતાજીનાં વિવિધ મંદિરો જેવા કે કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલાં આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર, ઉપરકોટ ખાતે આવેલાં ખોડીયાર માતાજીનું મંદિર તેમજ ખામધ્રોળ રોડ ઉપર આવેલાં ખોડીયાર માતાજીનાં મંદિરમાં પૂજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે તેમજ ભવનાથ વિસ્તારમાં આવેલાં સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીનાં મંદિરે પણ પૂજનવિધિસહિતનાં કાર્યક્રમો યોજાયા છે તેમજ યજ્ઞો, હવનાષ્ટમી સહિતનાં કાર્યક્રમો પણ યોજાશે. આ ઉપરાંત ચામુંડા માતાજી મંદિર, મહાકાળી માતાજી મંદિર, ગાયત્રી માતાજી મંદિર, ગાત્રાળ માતાજી મંદિર, મહાલક્ષ્મી માતાજી મંદિર વગેરે ધાર્મિક સ્થળોએ પણ આસો માસની નવરાત્રી અંતર્ગત પૂજન સહીતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જયારે ગરવા ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગતજનની માં અંબાજીનાં બેસણાં છે તેવા અંબાજી માતાજીનાં મંદિરે પણ વિવિધ ધાર્મિક અનુષ્ઠાનનાં કાર્યક્રમોનો પ્રારંભ થયો છે. જયારે ગંગોત્રી ખાતે પણ પૂજનવિધી સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સંતો દ્વારા પણ ધાર્મિક અનુષ્ઠાનો કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત રાંદલ માતાજીનાં મંદિરોમાં પણ આસો માસની નવરાત્રી દરમ્યાન પૂજનવિધિ, હોમ-હવન સહિતનાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજે ગુરૂવારના દિવસે નવરાત્રીનો જયારે પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે માતાજીનાં ભક્તો દ્વારા શક્તિની આરાધનાનાં આ પર્વને ભાવભેર ઉજવવામાં આવી રહેલ છે.

## વન્યપ્રાણી વિભાગ સાસણ ગીર દ્વારા ૮ ઓકટોબર સુધી વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરાશે

### ઉજવણીના ભાગરૂપે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૭

વન્ય પ્રાણી વિભાગ સાસણગીર દ્વારા તા. ૨/૧૦/૨૦૨૧ થી તા.૮/૧૦/૨૦૨૧ દરમ્યાન વન્યપ્રાણી સપ્તાહ-૨૦૨૧ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત તા.૫/૧૦/૨૦૨૧ના વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર રેન્જ તેમજ ગ્રામજનો, જીપ્સી એશોસીએશન ગાઈડ એશોસીએશન, સાસણ ગીરના સહયોગથી પાંચ ટીમ બનાવી આજુબાજુના વિસ્તારોમાંથી પ્લાસ્ટીક એકત્ર કરી તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કોડીનાર તાલુકાની ૨ શાળા, તાલાળા તાલુકાની ૨ શાળા અને મેંદરડા તાલુકાની ૨ શાળાના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમના આરંભમાં વિદ્યાર્થીઓ, શિક્ષકોને રજનીકાંત ટી. ભટ્ટ દ્વારા પ્રસંગ અનુરૂપ માહિતી આપવામાં આવી હતી. ત્યારબાર એ.એ. પટેલ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર અભયારણ્ય રેન્જ, સાસણ ગીર દ્વારા વન તેમજ વન્યપ્રાણી સંરક્ષણ તથા સંવર્ધન વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ તકે વન્યપ્રાણી સંવર્ધન વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું અયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાગ લીધેલ ૩૦ વિદ્યાર્થીઓ પૈકી ૧ થી ૩ નંબર મેળવેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન પુરસ્કાર મદદનીશ વન સંરક્ષક, સાસણ અભયારણ્ય દ્વારા આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના ભાગરૂપે વિજયભાઈ પટેલ દ્વારા નિસર્ગ શિક્ષણ વિષે વાત કરી વન્યપ્રાણી અને વનસુષ્ટી સંરક્ષણ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ગીર પરિચયખંડ દેવળીયાની મૂલાકાત કરાવવામાં આવી હતી.

## ગિરનાર ખાતે બિરાજમાન અંબાજી માતાજીનાં મંદિરે નવરાત્રી પર્વ પ્રસંગે અનુષ્ઠાનનો પ્રારંભ





જૂનાગઢ, તા.૭ : જૂનાગઢ ગિરનાર અંબાજી મંદિરે સુશોભન સાથે નવરાત્રી ઉત્સવ ધામધૂમથી ઉજવવા તડામાર તૈયારીઓ સાથે માતાજીને દિવ્ય શણગાર સાથે અનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જૂનાગઢ ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગત જનની મા અંબેના મંદિરને નવરાત્રી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. સાથે માતાજીના સાનિધ્યે અનુષ્ઠાન સાથે મંદિરને કલાત્મક ફૂલો અને રોશનીથી ઝળહળતું કરાયું છે. મંદિરના મહંત તનસુખગીરીબાપુ અને ગણપતગીરી બાપુના સાનિધ્યમાં નવરાત્રી ઉત્સવ અનુષ્ઠાન, માતાજીને દરરોજ અલગ અલગ શણગાર અને વિશેષ પૂજા સાથે માતાજીની આરાધના કરાશે અને આઠમે માતાજીના હવન સાથે નવરાત્રી અનુષ્ઠાનની પૂર્ણાહૂતી થશે. (તસ્વીર : વિજય ત્રિવેદી)



## કેશોદમાં રહેતા ફૌજી નિવૃત થતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું




(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ, તા.૭

કેશોદમાં રહેતા મહેશભાઈ હંસરાજભાઈ ગજેરા જેઓ ફૌજી તરીકે ૧૭ વર્ષ દેશ સેવા કરી ફરજ નિવૃત થતા કેશોદ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેશ ગજેરાને નાસીક ખાતે ૨૦૦૪માં ટ્રેનીંગ પુર્ણ કરી વેસ્ટ બંગાળમાં બીના ગુળી ખાતે ૨૦૦૫ થી પ્રથમ પોસ્ટીંગ થયેલ જ્યાં ચાર વર્ષ ફરજ બજાવ્યા બાદ સીમલા ખાતે બીજુ પોસ્ટીંગ થયેલ સીમલા ખાતે ચાર વર્ષ ફરજ બજાવી, અમૃતસર ખાતે એક વર્ષ ફરજ બજાવી, નાસીક ખાતે ત્રણ વર્ષ ફરજ બજાવેલ, કલકતા ખાતે એક વર્ષ ફરજ બજાવી, પુના ખાતે બે વર્ષ ફરજ બજાવેલ, બાદમાં રજોરી પુંજ, જમ્મુ કશ્મીરમાં બે વર્ષ ફરજ બજાવી વય મર્યાદાના કારણે નિવૃત થતા અને કેશોદ વતન પરત આવતા કેશોદ ખાતે નિવૃત ફૌજી મહેશ ગજેરાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદના રાજકીય સામાજીક આગેવાનો નિવૃત ફૌજીઓ તથા શહેરીજનોની ઉપસ્થિતિમાં ડીજેના સથવારે દેશ ભક્તિના ગીતો સાથે સામૈયા કરવામાં આવ્યા હતા. કળશધારી બાળાઓએ કુમકુમ તિલક કરી ઉપસ્થિત લોકોએ કેશોદ તાલુકા માજી સંગઠન નિવૃત ફૌજીઓ સહીતે મહેશ ગજેરાને પુષ્પગુચ્છ અને ફુલહારથી સ્વાગત કર્યું હતું.

નિવૃત ફૌજી મહેશ ગજેરાએ તેમના અનુભવ વિષે વાત કરતા જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા કલમ ૩૭૦ નાબુદ કરેલ તે દરમ્યાન રજોરી પુંજ ફરજ બજાવતા હતા તે સમયે કરફયૂ, યુદ્ધ જેવો માહોલ સર્જાયો હતો તેવા સમયમાં દેશ સેવાની ફરજ બજાવેલ તે કાયમી યાદગાર રહેશે.

## માણાવદરમાં રઘુવંશી નવરાત્રી મહોત્સવનું આયોજન

માણાવદર, તા.૭

શ્રી રઘુવંશી મહોત્સવ સમિતિ માણાવદર દ્વારા રઘુવંશી નવરાત્રી મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ છે. મા આદ્યશકિતની આરાધના અને અન્ય ભકિતરસના આનંદમાં સહભાગી થવા માણાવદર તાલુકાના સર્વે જ્ઞાતિબંધુઓને ભાવભર્યું આમંત્રણ પાઠવાયું છે. તા.૭/૧૦/૨૦૨૧ થી તા.૧૫/૧૦/૨૦૨૧ સુધી રાત્રીના ૯ કલાકથી નવરાત્રી રાસોત્સવનું આયોજન શ્રી લોહાણા મહાજનવાડી, સટ્ટા બજાર, માણાવદર ખાતે કરાયું છે.

## દ્રોણેશ્વર મારૂતિધામમાં હનુમાનજીને ડ્રેગન ફ્રુટનો ફલકુટ ધરાવાયો



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૭

ઉના નજીક આવેલા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ દ્રોણેશ્વરના મારૂતિધામમાં બિરાજમાન હનુમાનજી મહારાજને પ્રાકૃતિક પધ્ધતિની ખેતીથી ઉત્પાદિત ડ્રેગન (કમલમ) ફ્રુટનો ફુલકુટ ધરાવાયો હતો. ગુરૂકુલના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામીજીની પ્રેરણાથી છેલ્લા ઘણા વર્ષોથી ઓર્ગોનિક ખેતીથી પાક ઉત્પાદન કરતા શૈલેષભાઈ ખોખર આ બધા ફળના દાતા રહ્યા હતા.

## જૂનાગઢ પોલીસની કાબેલીયત : વ્યાજખોરનાં પંજામાંથી છોડાવી અરજદારને કરી મદદ

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનીન્દર પ્રતાપસિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા વ્યાજખોરો વિરૂધ્ધ પ્રજાની મદદ કરવાની અને તેઓને કોઈ વ્યાજખોરો તરફથી બળજબરી કરવામાં આવતી હોય વ્યાજના હપ્તાઓ માટે પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય બળજબરીથી નાણાં કઢાવવા માટે ધમકીઓ આપવામાં આવતી હોય કે, ગેર કાયદેસર વ્યાજ વટાવનો ધંધો કરવામાં આવતો હોય તેઓની માહિતી આપવા હેલ્પ લાઈન નંબર (પ્રદીપસિંહ જાડેજા, ડીવાયએસપી, જૂનાગઢ મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૭૮૯૮ ઉપર તેમજ એચ.આઈ. ભાટી, પો.ઈન્સ., સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ મોબાઈલ નંબર ૯૭૨૭૭ ૨૨૪૮૮ ઉપર અથવા પોલીસ કંટ્રોલ રૂમ) આપી મદદ માંગવા જાણ કરવામાં આવેલ છે જે હેલ્પલાઈન નંબર આધારે લોકો મદદ માંગતા જૂનાગઢ પોલીસ તરફથી અવાર નવાર મદદ કરવામાં આવે છે તેમજ જરૂર જણાએ વ્યાજખોર વિરૂધ્ધ ગુન્હાઓ નોંધી પાસા ધારા મુજબ પણ પગલાઓ ભરવામાં આવતા હોવાથી, વ્યાજખોરોમાં ફફડાટ ફેલાયો છે. વિસાવદર વિસ્તારના એક સરકારી નોકરિયાત દ્વારા પોતાની જરીરીયાતના કારણે વિસાવદર વિસ્તારના જ અને પોતાના બે મિત્ર અને એક ત્રાહિત વ્યક્તિ પાસેથી રૂા. ૧,૦૦,૦૦૦/-અને રૂા.૭૦,૦૦૦/- વ્યાજ પેટે મેળવેલ હતા. એકાદ વર્ષ સુધી વ્યાજના રૂપિયા ચુકવ્યા બાદ, સરકારી કર્મચારી એવા અરજદાર દ્વારા વ્યાજને પહોંચી શકાય એમના હોઈ વ્યાજ ખોરો દ્વારા પેનલ્ટી નક્કી કરી ૧૫ દિવસના ૩૫ હજાર દેવા માટે ધમકીઓ આપવાનું ચાલુ કરેલ હતું. અરજદાર દ્વારા વ્યાજખોરોને એક લાખ રૂપિયાના ચાર લાખ જેવું વ્યાજ આપી દીધા બાદ પેનલ્ટી સહિત આશરે સાત લાખ રૂપિયા વ્યાજના ચઢાવી સરકારી કર્મચારીના નોકરીના સ્થળે જઈને હેરાન કરવાનું તથા ધમકી આપવાનું શરૂ કરતા અરજદાર મુંજાયેલો અને ગમે તેમ કરે તો પણ વ્યાજખોરોના વ્યાજને પહોંચી શકે તેમ ના હોઈ, મરવા સિવાય કોઈ રસ્તો ના હોઈ જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને રૂબરૂ મળી આખી વિગત જણાવી રડવા લાગેલ અને વ્યાજખોર દ્વારા રૂપિયા આપેલ ત્યારે બે ચેક લઈ ખોટું એગ્રીમેન્ટ પણ બનાવી લીધેલ હોઈ વ્યાજખોરો દ્વારા પોતાનું જીવન ઝેર કરી દીધેલાનું જણાવેલ હતું. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વિસાવદર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એન.પટેલ તથા સ્ટાફના એ.એસ.આઈ. દેવમુરારી, વી.ડી.ગઢવી, કમલસિંહ, પુનાભાઈ સહિતની ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી ત્રણેય વ્યાજખોરોને બોલાવી પોલીસની ભાષામાં સમજાવીદેતા અરજદાર પાસેથી પોતાને હવે કાંઈ લેવાનું રહેતું નહીં હોવાનું જણાવી અરજદારના લીધેલા બે ચેક અને અરજદાર પાસે કરાવી લીધેલ નોટરી પરત પણ આપી ગયા હતા. અરજદાર દ્વારા પણ પોતાનો પ્રશ્નો સોલ્વ થઈ જત ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. અરજદાર દ્વારા પોતાને વ્યાજખોરના ચુંગાલમાંથી છોડાવવા બદલ મોબાઈલમાં મેસેજ કરીને નમસ્તે સર હું છેલ્લા એક અઠવાડીયામાં જે મનોદશામાંથી પસાર થઈ રહ્યો હતો તેને હું ખરાબ સપનુ સમજીને ભૂલી જ જવા માગુ છું. હું ખરેખર એટલો લાચાર અને નિસહાય થઈને ભગવાનને શોધતો હતો એ આખરે તમારા સ્વરૂપમાં મળી ગયા. આ અતિશયોક્તિ નથી તમારો ખૂબ ખૂબ આભાર સાહેબ મને નવજીવન આપવા માટે તેમજ સમાજમા પુનઃ સ્થાપિત કરવા માટે એવો મેસેજ કરીને જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો અને જો પોલીસ દ્વારા પોતાને મદદ કરવામાં ના આવી હોત તો મરવા સિવાય કોઈ આરો નહીં હોવાની લાગણી વ્યકત કરી હતી.

## ઉનામાં ચાર દિવસનાં વિરામ બાદ ધોધમાર વરસાદ વરસ્યો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૭

ઉનામાં ગઈકાલે બપોરે અસહ્ય ઉકળાટ બાદ સાંજના સમયે વાદળછાયું વાતાવરણ અને વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ પડતા તમામ રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. વરસાદ પડતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ઈન્દિરા નીતિનો અમલ કરતા પહેલા કોંગ્રેસ મોવડીઓ મનોમંથન કરશે ખરા ?

કોંગ્રેસમાં ૨૩ ધૂરંધરોએ સીડબલ્યુસી બોલાવવા માટેનો પત્ર લખ્યા બાદ નેતાગણે કોઈ નિર્ણય ન કર્યો અને પત્ર લખનારાઓને હાસિયામાં મૂકી દીધા... પરંતુ કોંગ્રેસ એ બાબત ભૂલી ગઈ હતી કે ઘરડા લોકો જ ગાડા વાળી શકે, કોહીનૂર હીરો પોતાની ચમક નથી ગુમાવતો અને ગમે ત્યારે સંગ્રહ કરેલ હીરો બહાર કાઢે એટલે તેની ચમકનો અનુભવ થાય છે. કોંગ્રેસમાં હવે એ સ્થિતિ પેદા થઈ છે કે CWCની બેઠક બોલાવી જ પડે કારણ દેશભરમાં કોંગ્રેસની હાલત કફોડી બનતી જઈ રહી છે. તો કોંગ્રેસમાં છેલ્લા કેટલાક સમયથી જે તે નિર્ણય લેવામાં આવી રહ્યા છે તે નિર્ણયો કોણ કરે છે તે બાબતે કોંગ્રેસ કાર્યકરો સહિત નેતાગણ આશ્ચર્યમાં છે. કારણ કે જેઓને લોકસભામાં નેતા પદની જવાબદારી લેવાથી દૂર ભાગે... તો રાષ્ટ્રીય નેતા તરીકેનું જે તે રાજયોની લેટેસ્ટ સ્થિતી બાબતે નોલેજ હોવું જોઈએ તેનો અભાવ છે....! અને આ કારણે પંજાબમાં લીધેલો નિર્ણય કોંગ્રેસ માટે માથાનો દુઃખાવો બની ગયો છે. આજે પણ પંજાબ કોંગ્રેસમાં ઉકળતો ચરૂ છે અને આવનાર ચૂંટણી કોંગ્રેસ માટે જોખમી સ્થિતી ઉભી કરી દીધી છે. ગુજરાત રાજ્ય કે જ્યાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે તથા વિધાનસભા વિપક્ષ નેતા વગેરેએ પોતાના હોદ્દા ઉપરથી રાજીનામાં આપી દીધા તેને આઠ મહિના ઉપરાંત સમય થઈ ગયો પરંતુ કોંગ્રેસ મોવડીમંડળ ગુજરાત કોંગ્રેસમાં ખાલી પડેલ પદ ઉપર કોઈ નિયુક્તિ કરી શકી નથી જેના કારણે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ખૂબ મોટો ફટકો પડ્યો છે. ત્યારે કોંગ્રેસે હવે પગ દંડો મજબૂત કરવા યુધ્ધના ધોરણે દરેક પગલા લેવા પડશે નહી તો ગુજરાતમાં પણ વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે... ત્યારે તેમાં ધોવાણ થઈ શકે તેવી શકયતા વધુ છે.....!

કોંગ્રેસમાં નિર્ણય લેતા નેતાગણને દેશના જે તે રાજ્યની રાજકીય સ્થિતિનો અનુભવ હોવો જરૂરી છે અને તે સાથે તેનો સતત અભ્યાસ કરતા રહેવું પડે છે અને તેનાથી મોવડીઓ દૂર છે.....! પક્ષના અનુભવી ૨૩ ધૂરંધરોને સાઈડ લાઈન કરી દીધા તેમની સલાહની પણ જરૂર હતી અને જરૂરી છે પરંતુ તેઓને પૂછવામાં આવતું નથી. ઈન્દિરા ગાંધી નીતિનો અમલ કરતાં પહેલાં મોદીની જેમ પક્ષ ઉપર પુરતી પકડ સાથે કોઈ પડકાર ફેંકનાર કે વિભીષણ ઊંચા ન થાય તેવી ધાક હોવી જોઈએ જેનો કોંગ્રેસ નેતાગણમાં અભાવ છે. રાષ્ટ્રીય સ્તરે દેશના વિપક્ષોને એક જૂટ કરવા મમતાએ પીકેની ટીમને દોડતી કરી દીધી છે અને જે તે રાજ્યમાં ટીએમસીનો દબદબો વધે તે માટે પ્રયત્નો શરૂ કરી દીધા છે અને આ માટે મોટાભાગે કોંગ્રેસના જેતે ગણાતા મોટા માથાઓ તેમની સાથે જોડાઈ રહ્યા છે.... મતલબ કોંગ્રેસના જૂના જોગીઓ તથા કાર્યકરો પક્ષ છોડી રહ્યા છે. એટલે હવે કોંગ્રેસમાં મોવડીઓએ મનોમંથન કરવું જરૂરી બન્યું છે. પંજાબમાં લીધેલા નિર્ણય બાબતે વિચારવું અતિ જરૂરી છે. પંજાબમાં કરેલા ફેરફાર બાદ અન્ય રાજ્યો માટે સો વાર વિચાર કર્યા બાદ નિર્ણય લેવાય તે કોંગ્રેસ માટે વધુ સારૂ છે. તો ગુજરાત કોંગ્રેસમાં જે સડો પેસી ગયેલો છે તે દૂર કરવા ધડ મૂળથી ફેરફાર કરવા જરૂરી છે અને તે પણ વહેલી તકે... કારણ ચૂંટણી દૂર નથી.....! ભલેને ગ્રાસ રૂટ ઉપર ફેરફાર કરવાથી કદાચ પાંચ વર્ષ સત્તાથી દુર રહેવું પડે તો પણ પક્ષમાં ધરમુળથી ફેરફાર કરવા જોઈએ તેવો યુવા કોંગ્રેસનાં નેતાઓએ હાઈકમાન્ડ સમક્ષ માંગણીઓ કરી છે. પક્ષમાં દરેક સભ્યોમાં વર્ષો વર્ષ પરીવર્તનથી ખાસ કેડર ઉભી કરવા ઉપર ભાર મુકવા માંગણી સંભવત કરી રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે પોતાના બોલવા પ્રમાણે જ વર્તે છે,
એ માણસ પ્રગત્તિ કરવાનો જ.

- ઈમર્સન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.અરદીબહેસ્ત-૧૩૯૧, મુ. સફર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, આસો સુદ-૧ ઈષ્ટી, શારદીય નવરાત્રી પ્રારંભ, ઘટસ્થાપન, માતામહ શ્રાધ્ધ, ચંદ્રદર્શન તા.૭ ઓક્ટોબર ૨૦૨૧, ગુરૂવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨૯, ચિત્રા નક્ષત્ર, વૈધૃતિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૫, સૂ.અ.૧૮:૩૩
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સવારે ૧૦:૧૭ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ : આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન : વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક : નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ : સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા : માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા : અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક : કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન : માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર : શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ : અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન : કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

# ગુજરાત સરકારે જાહેર કર્યા નવરાત્રીના નિયમો



ગાંધીનગર તા.૭
રાજ્ય સરકાર દ્વારા યોજાતો નવરાત્રી મહોત્સવ પણ આ વર્ષે નહીં યોજાય. તો અમદાવાદના GMDC ગ્રાઉન્ડમાં પણ ગરબાનું આયોજન કરવામાં આવશે નહીં. અમે તમામ લોકોના વિષયની ચર્ચા કરીને આ નિર્ણય કર્યો છે. મને ગુજરાતના સૌ લોકો ઉપર વિશ્વાસ છે કોઈ નિયમ તોડશે જ નહીં. આ નિયમ લોકોની સેફટી માટે છે. નવરાત્રી એ ખૂશી અને માતાની આસ્થાનો તહેવાર છે. આમાં કોઈના ઉપર પગલાં ભરવા પડે તે પ્રકારની પરિસ્થિતિ ઉભી થવાનો સવાલ જ નથી. કોરોનાનું સંક્રમણ ગુજરાતમાં ઓછું થતા રાજ્ય સરકારે શેરી ગરબાને મંજૂરી આપી છે. ત્યારે નવરાત્રીના એક દિવસ પહેલા જ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નિયમોને લઈને મીડિયા સાથે વાતચીત કરી હતી. તેમને લોકોને નવરાત્રીમાં કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાની અપીલ કરી હતી. રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તમામ ડીપાર્ટમેન્ટ સાથે ચર્ચા કરીને એમ કહેવાય છે કે, કોઈ બીમાર હોય અને ચાલી ન શકતા હોય પણ ગરબાની ધૂન શરૂ થાય તો ન ચાલી શકતો માણસ પણ ગરબા રમવા માંડે. કોરોનાના કારણે માનસિક તણાવ લોકોને દૂર થાય તે લોકો શેરી ગરબાનું આયોજન કરી શકે તેવી વ્યવસ્થા માટે પહેલી બેઠકમાં ૪૦૦ લોકોની છૂટ આપવામાં આવી છે. ગુજરાતના અલગ-અગલ વિસ્તારમાંથી લોકોની માંગણી આવી હતી. મુખ્યમંત્રી અને સૌ લોકોએ આ બાબતે ચિંતા કરીને બેઠકો બોલાવી હતી. તેમાં ચર્ચા થઈ કે રાજયમાં કોમર્શિયલ ગરબાનું આયોજન કરાવી શકાય તેવી પરિસ્થિતિ થઈ નથી. તેથી કોમર્સિયલ ગરબાની છૂટ આપવામાં આવી નથી. સૌ ગુજરાતીઓએ સાથે મળીને આ તહેવારની ઉજવણી કરી શકે એટલા માટે ૧૨ વાગ્યા સુધી કર્ફ્યૂની છૂટ આપવામાં આવી છે. આપણે સૌએ સાથે મળીને ગરબાની ઉજવણી કરવાની છે. તમામ યાત્રાધામો છે ત્યાં એક-એક દિવસ કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરતા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ લોકો માટે નિયમ એક સરખો જ બનાવવામાં આવ્યો છે. આવનારા સમયમાં બીજા તહેવાર આનાથી વધારે છૂટછાટની સાથે ઉજવી શકીએ તે માટે આ કાયદાનું પાલન કરીને આપણે સૌએ સાથે મળીને કોરોનાની સામે લડતા લડતા ગરબાની ઉજવણી કરી શકીએ તેવું આપને શુભકામના. હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, સોસાયટીઓમાં ગરબા હોય ત્યાં જે લોકોએ વેક્સીન લીધી હોય તે લોકો જ ગરબા લેવા આવે. જે લોકોને વેક્સીન લેવાનું બાકી હોય તે આ નિયમથી પ્રેરણા લઈને વેક્સીન લે તેવો એક પ્રયાસ પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે એવા પણ મહાનગરો છે કે જ્યાં ૧૦૦% પહેલો વેક્સીનનો ડોઝ આપવામાં આવ્યો છે અને બીજા ડોઝનું કામ ચાલી રહ્યું છે. ગુજરાતના લોકો ખૂબ હોશિયાર છે. ત્યારે પોલીસને કોઈ પણ પ્રકારની અગવડ નહીં પડે. પોલીસ કોઈ પણ નિયમ અનુસાર ગરબા રમતા હશે ત્યાં અગવડ નહીં પાડે તેવી પણ હું ખાતરી આપું છું. આ લડાઈ હજુ પૂર્ણ થઈ નથી. આ લડાઈ હજુ મજબૂતાઈથી લડવાની છે.

# નવી સ્ક્રેપ પોલીસી અંતર્ગત ૧૫ વર્ષ જુના વાહનો માટે લેવું પડશે ફિટનેસ સર્ટિફિકેટ

નવી દિલ્હી તા.૭
જુના વાહનોને હવે લાંબા સમય ચલાવવું હવે લોકોને ખીસામાં ભાર આપી શકે છે. સરકારે નવા સ્ક્રેપ પોલીસીના નિયમો જાહેર કર્યા છે. જે હેઠળ જુના વાહનોના નવીનીકરણ કરવા ઉપર ૫ હજાર રૂપિયાનું રજીસ્ટ્રેશન ફી ચુકવવાની રહેશે. માર્ગ પરિવહન મંત્રાલયે જણાવ્યું કે, એપ્રિલ ૨૦૨૨થી ૧૫ વર્ષથી જુના વાહનોનું ફરી રજીસ્ટ્રેશન કરવા ઉપર વાહન માલિકોને વધુ કિંમત ચૂકવવી પડશે. જે નવા વાહનોની રજિસ્ટ્રશન ફીના તુલનામાં વધુ હશે. માર્ગ પરિવહન મંત્રાલયના જણાવ્યા અનુસાર ૧૫ વર્ષથી જૂની કર્ણ લાયસન્સની રીન્યુઅલ ફી ૫ હજાર રહેશે જયારે તેની સામે નવા વાહનોમાં રજીસ્ટ્રેશન ફી ૬૦૦ રૂપિયા હશે. મોટર સાયકલના નવીનીકરણ કરવાની ફી પણ ૧૦૦૦ રૂપિયા હશે અને નવા વાહનોની રજીસ્ટ્રેશન સર્ટફિકેટ ફી ૩૦૦ રૂપિયા હશે. જુના વ્યવસાયિક વાહનોને પણ ચલાવવામાં લોકોને વધુ પૈસા ખરચવા પડશે. મંત્રાલયે જાહેર કરેલી સુચનામાં કહેવામાં આવ્યું છે કે, ૧૫ વર્ષથી જુના વાહનોને ફિટનેસ સર્ટિફિકેટ માટે ૮ ગણી વધુ કિંમત આપવાની રહેશે. એટલે એપ્રિલ ૨૦૨૨થી ૧૫ વર્ષ જુના કોમર્શિયલ વાહનોના ફિટનેસ સર્ટિફિકેટ રીન્યુઅલ કરવા માટે ૧૨,૫૦૦ રૂપિયા ચૂકવવાના રહેશે. જયારે નાના કોમર્શીયલ અથવા પેસેન્જર વાહનને ફિટનેસ રીન્યુઅલ માટે ૧૦ હજાર રૂપિયાની ચુકવણી કરવાની રહેશે. જો આપ જુના વાહનો, કાર, બસ કે અન્ય વાહન સ્ક્રેપ એટલે કે ભંગારમાં વેંચો તો નવા વાહનના રજીસ્ટ્રેશન ફી ઉપર આપણે છૂટ આપવામાં આવશે. તેમાં માટે આપે ઓફિશિયલ સ્ક્રેપ સુવિધા કેન્દ્રને વાહન વેંચવાનું રહેશે અને તેના બદલે સર્ટિફિકેટ ઓફ ડિપોઝીટ પ્રાપ્ત કરવાનું રહેશે. મંત્રાલયે જણાવ્યું કે, સરકાર ટૂંક સમયમાં જ લાયસન્સ પ્રાપ્ત સ્કેપિંગ સેન્ટર ખોલશે.

# મેંદરડા ખાતે આયુષ્યમાન કાર્ડ કાઢવા માટે લાંબી કતારો

## લોકો સવારથી આવી જાય છે પણ આખો દિવસ હેરાન થાય છે




મેંડરડા, તા.૭
મેંદરડામાં આયુષ્યમાન કાર્ડ કાઢવા માટે લોકોનો તકલીફ પડે છે. દરમ્યાન મેંદરડાના પરસોતમભાઈ ઢેબરીયા દ્વારા જણાવ્યા અનુસાર મેંદરડામાં આયુષ્ય માનભારત કાર્ડ કઢાવવા માટે લાભાર્થીઓની વહેલી સવારથી મોટી કતારમાં ઉભા રહેવું પડે છે તેમ છતાં ૨ થી ૩ લોકોના વારા આવે ત્યારે કનેકટીવીટી ચાલી જતી હોય છે અને લોકોને ધરમનો ધક્કો થાય છે અને મેંદરડા તાલુકામાં ૪૪ ગામડા આવેલા છે તો વધારે સેન્ટરની ફાળવણી કરવામાં આવે તો લોકોને વહેલી તકે કાર્ડ મળી રહે તેવી માંગણી કરવામાં આવી છે. વધુમાં અરણીયારાના ભારતીબેન હરેશભાઈ ડોબરીયા જણાવે છે કે હું સતત ૩ દિવસથી આવું છું પણ કાર્ડ નીકળતું નથી. લોકો દ્વારા માંગ કરવામાં આવે છે કે, બીજુ સેન્ટર ફાળવવામાં આવે અનો આ બાબતે તત્કાલ કાર્યવાહીની માંગ ઉઠી છે. (તસ્વીર : જયેશ વાળા)

# ● સુખ-દુઃખ ●

કહેવાય છે કે, મનુષ્ય સુખમાં પ્રસન્ન હોય છે, જ્યારે દુઃખમાં તે રડતો હોય છે. એવી સ્થિતિમાં જન્મ સમયે શિશુના રૂદનને શું કહીશું ? નિશ્ચિતપણે તેને સુખ તો ન જ કહી શકાય, કારણ કે સુખ કે પ્રસન્નતામાં આંખો ભીની થવી તો સ્વાભાવિક છે, પરંતુ આ પ્રકારનું આક્રંદ નહીં. આખરે જન્મ સમયે શિશુના રડવાનું શું કારણ છે ? વિજ્ઞાન અનુસાર જન્મ સમયે શિશુનું રડવું એક સ્વાભાવિક પ્રક્રિયા છે. ત્યાં જ શિશુના રડવાનું એક કારણ એ પણ માનવામાં આવે છે કે માતાના ગર્ભમાંથી બહાર આવ્યા બાદ તેને લાગે છે કે તે એક અજાણી જગ્યાએ આવી ગયું છે અને તેને આ સંસાર સુરિક્ષત નથી લાગતો. તેથી તે રડે છે અને જયારે માતા તેને છાતીસરસું ચાંપી દે છે તો તેને વિશ્વાસ થઈ જાય છે કે તે સુરિક્ષત છે. તેથી માનો ખોળો શિશુ માટે સૌથી સુરિક્ષત જગ્યા માનવામાં આવે છે. વસ્તુતઃ સુખ-દુઃખ જીવનના બે પક્ષ છે. કદાચ જ કોઈ મનુષ્ય એવો હોય જેણે જીવનમાં ક્યારેય દુઃખનો અનુભવ ન કર્યો હોય. ત્યાં જ કોઈ વ્યક્તિ એવો પણ નહીં હોય જેને જીવનમાં એકવાર પણ સુખ ન મળ્યું હોય. વાસ્તવમાં સુખ-દુઃખ જીવનની પૂર્ણતા માટે આવશ્યક છે. બંને મનુષ્યને શકિત, સહજતા અને શિક્ષા આપે છે. તેથી જ કહેવાય છે કે ના તો દુઃખમાં ગભરાવું જોઈએ અને ના સુખમાં અભિમાની બનવું જોઈએ. સુખ-દુઃખ તો જીવનની ઊર્જાનો આધાર છે. સુખથી શાંતિ, પવિત્રતા અને શુભતાનો સંચાર થાય છે તો દુઃખથી જીવનના આવશ્યક બોધ મળે છે. છતાં પણ એ કોઈ વિટંબણાથી ઓછું નથી કે મનુષ્ય જીવનમાં ક્યારેય કોઈ દુઃખ નથી ઈચ્છતો. તે હંમેશાં સુખી રહેવા માંગે છે અને તે પણ પોતાની ઈચ્છા કે આવશ્યકતા અનુસાર. મહાભારતમાં વેદવ્યાસ કહે છે કે સુખ અને દુઃખ માનવના કર્મોનું જ પરિણામ છે. તેથી પરિણામને સહજતાથી સ્વીકાર કરી લેવામાં જ બુધ્ધિમાની છે. જે પરિણામને સહજતાથી સ્વીકાર કરી લે છે, તે અનેક પ્રકારની વિસંગતિઓ અને મનોવિકારોથી બચી જાય છે. એમાં જ જીવનના સુખનું સૂત્ર સમાયેલું છે.

# માનવતાવાદી વૈજ્ઞાનિક ડો. દોલતસિંહ કોઠારી



Daulat Singh


મહાન વૈજ્ઞાનિક ડો. દોલતસિંહ કોઠારી ૧૯૪૮થી ૧૯૬૧ સુધી રક્ષામંત્રીના પ્રથમ વૈજ્ઞાનિક સલાહકાર રહ્યા. તેઓ ડીઆરડીઓ સલાહકાર સમિતિ ભારત સરકારના અધ્યક્ષ પણ રહ્યા. તેઓ બહુ અનુશાસનપ્રિય હતા, હંમેશાં સમય ઉપર કાર્યાલય આવતા. એક દિવસ એવો આવ્યો કે તે સવારના સમયે થોડા વહેલા કાર્યાલય ઉપર પહોંચી ગયા, તો તેમણે પ્રયોગશાળામાં સફાઈ કર્મચારીઓને ક્યારેક બેસીને તો ક્યારેક વાંકા વળીને ઝાડુ લગાવતા જોયા. સફાઈમાં ઘણો સમય લાગતો હતો, કર્મચારી પણ વહેલા થાકી જતા હતા. તેઓ વિચારમાં પડી ગયા. ત્યારે જ તેમણે સહાયક વૈજ્ઞાનિકોને બોલાવીને ઝાડુની નવી ડિઝાઈન બનાવવા પ્રેરિત કર્યા અને કેટલાંક સૂચનો પણ કર્યાં. થોડા દિવસ બાદ લાંબા ડંડાવાળા ઝાડુની કેટલીય ડિઝાઈનો આવી. તેમાંથી એકની પસંદગી કરીને તેનો ઉપયોગ શરૂ કરી દેવાયો, જે બહુ ઉપયોગી સાબિત થયું. આ જ પ્રકારે ભીષણ ગરમીથી છૂટકારો મેળવવા માટે કૂલરની ડિઝાઈનમાં પણ તેમણે સુધાર માટે સંશોધન કરાવ્યું. આ રીતે રક્ષા વિજ્ઞાન પ્રયોગશાળામાં ડેઝર્ટ કૂલરની કેટલીય નવી ડિઝાઈન તૈયાર થઈ, જે પહેલાં કરતાં વધારે ઉપયોગી સાબિત થઈ. કોઠારીએ બંને વસ્તુઓ ઉપર શોધ કરાવીને ચાર વર્ષોના પ્રયોગ બાદ ૧૯૬૧માં તેમની પેટન્ટ કરાવી, પછી તેનો વ્યાપક ઉપયોગ શરૂ થયો. ત્યારથી અત્યાર સુધી ડંડાવાળા ઝાડુ અને ડેઝર્ટ કૂલરની ડિઝાઈનમાં ઝાઝો ફેરફાર નથી આવ્યો. આ પ્રકારે કોઠારીની પ્રેરણાથી ઝાડુ અને કૂલર જેવી નાની ચીજો ઉપર પણ વૈજ્ઞાનિક શોધપત્રો લખાયા. તેમનું માનવું હતું કે જીવનની નાની જરૂરિયાતની ચીજો ઉપર પણ સંશોધન થવું જોઈએ. તેમના સંશોધનના વિષય વ્યાપક અને માનવીય પક્ષવાળા રહ્યા. રક્ષા વિજ્ઞાન ક્ષેત્રે ઉલ્લેખનીય યોગદાન માટે ડો.કોઠારીને પદ્મભૂષણ, શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર, મેઘનાથ સાહા પુરસ્કાર તથા પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# તમારી કુંડળીનાં ગ્રહો ઉચ્ચના છે કે નીચના ?

તમારી કુંડળીનાં ગ્રહો ઉચ્ચતા છે કે નીચતા ? એ વિષે સમજીએ. યુધિષ્ઠિર જે ધર્મરાજ કહેવાતા, તેમને નીચનો સૂર્ય અને નીચનો ચંદ્ર હતા. નીચના સૂર્યને લીધે તેમને એક વખત રાજપાટ ખોવાનો વખત આવ્યો તે હકકીત સ્વીકારીએ તો પણ એમની અપૂર્વ ધર્મનિષ્ઠા, ધૃતિ, ક્ષમા અને સત્યપ્રિયતા એ બધા સદ્‌ગુણોનો ખુલાસો આ બંને નીચના ગ્રહો હોવાથી ગતાનુગત સિધ્ધાંત પ્રમાણે થઈ શકતો નથી. વળી યુધિષ્ઠિરે ફરીથી રાજ્ય મેળવ્યું અને પોતે સાર્વભૌમ સમ્રાટ થયા તથા ઘણાં વર્ષો સુધી સુખેથી રાજ્ય કર્યું. તે નીચનો સૂર્ય અને નીચનો ચંદ્ર હોવા છતાં ! કુંડળીઓના નિરીક્ષણમાં જોવા મળ્યું છે કે નીચના ગ્રહો માણસની જેટલી ઉન્નતિ અને નામના કરે છે તેટલા ઉચ્ચના ગ્રહો પણ કરી શકતા નથી. જ્યોતિષમાં નીચભંગ રાજયોગ તો છે જ, પરંતુ ઘણીવાર નીચભંગ નથી થયો હોતો છતાં પરિવર્તનના બળે એવા નીચના ગ્રહો માણસને ઘણો ઉપર લઈ જાય છે. હા, નીચના ગ્રહો તમારી કસોટી લઈ લે, પણ જે સામનો કરે અને ધૈર્ય રાખે તે લાભ મેળવી લે.

કુંડળીમાં દરેક રાશિઓના આ પ્રમાણે ઉચ્ચના અને નીચના ગ્રહો હોય છે

મેષ : ઉચ્ચનો ગ્રહ - સૂર્ય, નીચનો ગ્રહ- શનિ
વૃષભ : ઉચ્ચનો - ચંદ્ર, નીચનો -
મિથુન : ઉચ્ચનો - રાહુ, નીચનો - કેતુ



કર્ક : ઉચ્ચનો - ગુરૂ, નીચનો -મંગળ
સિંહ : ઉચ્ચનો - મંગળ
કન્યા : ઉચ્ચનો -બુધ, નીચનો - શુક્ર
તુલા : ઉચ્ચનો - શનિ, નીચનો - સૂર્ય
વૃશ્ચિક : ઉચ્ચનો -, નીચનો - ચંદ્ર
ધન : ઉચ્ચનો - કેતુ, નીચનો - રાહુ
મકર : ઉચ્ચનો - મંગળ, નીચનો - ગુરૂ
કુંભ : ઉચ્ચનો -, નીચનો -
મીન : ઉચ્ચનો - શુક્ર, નીચનો - બુધ

તો આ પ્રમાણે દરેક રાશિમાં ઉચ્ચના અને નીચના ગ્રહો હોય છે. ચાલો જોઈએ થોડીક કુંડળીઓ, કે જેમાં આવા ગ્રહો હોવા છતાં જાતક આગળ વધે છે. (વ્યક્તિગત ગુપ્તતાના કારણોસર નામ જાહેર કર્યા નથી).

-આ જાતકની કુંડળીમાં દસમે કન્યાનો શુક્ર અને બારમે વૃશ્ચિકનો ચંદ્ર એમ બંને નીચ ગ્રહો હોવા છતાં આ જાતક ક્લાર્કમાંથી આગળ વધતાં વધતાં અધિકારી બનેલા.

- આ સ્ત્રી જાતકની કુંડળીમાં કન્યાનો શુક્ર પહેલે અને તુલાનો સૂર્ય બીજે છે. ઉપરાંત અગિયારમે નીચનો મંગળ. આ સ્ત્રી જાતક કરોડપતિ માણસને પરણવાને ભાગ્યશાળી થઈ.

-આ જાતકની કુંડળીમાં કન્યાનો શુક્ર પહેલે અને પાંચમે મકરનો ગુરૂ છે. આ જાતક વકીલ છે અને નામ અને તેમજ દામ કમાઈ રહ્યા છે.

- આ સ્ત્રી જાતકની કુંડળીમાં ચોથે મેષનો શનિ અને બારમે ધનનો રાહુ છે. આ જાતક એક કંપનીમાં સીઈઓ તરીકે કાર્ય કરે છે અને સારૂ પેકેજ મેળવે છે.

આ અને આવા અનેક દ્રષ્ટાંતો છે, પંરતુ કહેવાનો ભાવ એ છે કે ‘ઉચ્ચ અને નીચ’ એ શબ્દો એના સ્થૂળ અર્થમાં લેવાના નથી. નીચના ગ્રહોમાં ગુપ્ત શકિત છે. ઉચ્ચના ગ્રહોમાં પ્રગટ શક્તિ છે. સાથે સાથે જાતક જે વ્યક્તિ સાથે જીવન સંસારમાં જોડાય, જે કંપનીમાં કામ કરે, જે સંસ્થામાં નોકરી કરે તે સર્વના ગ્રહોના લેખાંજોખાં કામ કરતા હોય છે. તો આપની કુંડળીમાં નીચનો ગ્રહ જોઈ ચિંતા કે ડરવાની જરૂર નથી.

# શાળાએ પરત જાવ ત્યારે એ પૂછવાનું તમે યાદ રાખજો કે શું શીખશો નહીં પરંતુ કેવી રીતે શીખશો ?

**શૈક્ષણિક મૂલ્યોમાં નિષ્પક્ષતા કે તટસ્થતા એ એક માત્ર ભ્રમણા છે અને તેના કારણે વિદ્યાર્થીઓ પર કોવિડ બાદ વધુ સારો દેખાવ કરવા માટે વધુ દબાણ આવી શકે છે**

અમદાવાદ તા.૭

દર વર્ષે હું વિવિધ પરીક્ષાઓમાં ટોપર્સ રહેલા બાળકોની તસવીરો દર્શાવતા બિલબોર્ડ જોઉ છું. દરેક શાળાના આચાર્યના કાર્યાલયમાં ટ્રોફીઓ જોવા મળતી હોય છે અને દરેક શાળાની દીવાલ ઉપર વિદ્યાર્થીઓના ચિત્રકામ જોવા મળતાં હોય છે. જો ડિગ્રી, ટ્રોફી અને રોકાણ ઉપરનું વળતર એ જ શિક્ષણ હોય તો આપણે આપણી ભાવિ પેઢીઓનો નિરાશા, રોષ અને હતાશા માટે તૈયાર કરી રહ્યાં છીએ. હવે જ્યારે શાળાઓ ખૂલવા લાગી છે અને શિક્ષકો અને આચાર્યો તેમના વિદ્યાર્થીઓ મહામારી દરમ્યાન ઓનલાઈન્મ્ અભ્યાસ દ્વારા કેટલું શીખ્યાં છે તે જાણવા પ્રતીક્ષા કરી રહ્યાં છે. ત્યારે મારે કહેવું છે કે ઓનલાઇન શિક્ષણના પરિણામોના સંદર્ભમાં શાળાઓને આઘાત લાગે તેવા પરિણામો જોવા મળશે.હવે જ્યારે વર્ગખંડ શરૂ થશે ત્યારે શાળાઓને ખબર પડશે કે મોટા ભાગના વિદ્યાર્થીઓ બે વર્ષ પહેલા જે શીખ્યાં હતાં તે ભૂલી ગયાં છે. આથી જ્યારે વિદ્યાર્થીઓ શાળામાં જાય ત્યારે એ પૂછવાનું ભૂલશો નહીં કે તમે શું શીખશો તેના કરતાં તમે કઇ રીતે શીખશો એ ખાસ ધ્યાનમાં લેશો. શૈક્ષણિક મૂલ્યાંકનની તટસ્થતા એ એક ભ્રામક ખ્યાલ છે અને તેથી તેના કારણે કોવિડ-૧૯ બાદ વધુ સારી કામગીરી દાખવવા વિદ્યાર્થીઓ ઉપર વધુ દબાણ કરવામાં આવશે. શિક્ષણમાં મૂલ્યાંકનો અંતર્ગત રીતે સબ્જેકટીવ હોય છે તેમ છતાં



ઓબ્જેક્ટિવિટીનો એક ધૂંધળો ખ્યાલ પ્રવર્તે છે. આમ પરિણામો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે આપણે શીખવાની પ્રક્રિયા અંગે વાત કરવાની જરૂર છે.પરિણામો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે આપણે શીખવાની અથવા વિદ્યાઉપાર્જનાની પ્રક્રિયા અંગે વાત કરવી જોઈએ. કોવિડ-૧૯ બાદ જ્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો શાળાએ પરત આવે ત્યારે તેમણે જણાવવું જોઈએ કે ઓનલાઈન લર્નિંગ દ્વારા તેઓ કેટલું મેળવી શકે છે અનો કેટલો અમલ કરી શકે છે. જો કે આપણે પરિણામોની ઉપેક્ષા કરવી જોઈએ એવું હું નાથી કહેતો, તે જરૂરી છે.

# રાજસ્થાન સરકાર IAS ઉમેદવારોને કોચિંગ માટે વિશેષ શિષ્યવૃત્તિ આપશે

જયપુર તા.૭

યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૦ના પરિણામો તાજેતરમાં જાહેર કરવામાં આવ્યા હતા અને ૭૬૧ ઉમેદવારોની દેશભરમાં નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હતી. રાજસ્થાનના કેટલાક ઉમેદવારોએ સારૂ પ્રદર્શન કર્યું છે અને સફળ આઈએએસ ઉમેદવારો ઉત્પન્ન આપવામાં રાજ્ય બીજા ક્રમે છે. અને હવે, રાજસ્થાન સરકારે સિવિલ સર્વિસ પરીક્ષાનર્વ તૈયારી કરતા વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ આપવાનો નિર્ણય કર્યો છે. ઉચ્ચ શિક્ષણમંત્રી ભંવરસિંહ ભાટીએ કહ્યું છે કે, રાજસ્થાનમાંથી પસંદગી પામેલા ઉમેદવારોની સંખ્યા પ્રભાવશાળી અને સતત વધી રહી છે. આ પ્રગતિ જાળવવા માટે મુખ્યમંત્રી અશોક ગેહલોતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ગુણવતા ધરાવતા વિદ્યાર્થીઓને વિશેષ શિષ્યવૃત્તિ આપવાની જોગવાઈ કરી છે. રાજસ્થાન સરકારે રાજયના વિદ્યાર્થીઓ માટે રાજ્યમંત્રી અનુપ્રતિ કોચિંગ યોજના ૨૦૨૧ શરૂ કરી છે. ઉચ્ચ શિક્ષણમંત્રી ભંવરસિંહ ભાટીએ કહ્યું છે કે, “આ યોજના સુનિશ્ચિત કરશે કે, રાજસ્થાનમાં પ્રતિભાઓ ધરાવતા દરેક ઉમેદવારને તક મળે અને તેઓ આગળ વધે. સરકાર આ યોજના માટે વિશાળ બજેટ મંજૂર કરવાની યોજના બનાવી રહી છે અને ટૂંક સમયમાં જ તેને લોન્ચ કરવામાં આવશે. આ માહિતી અનુસાર, રાજસ્થાનના મુખ્યમંત્રીએ ૫મી જૂન, ૨૦૨૧ના રોજ મુખ્યમંત્રી અનુપ્રતિ કોચિંગ યોજના ૨૦૨૧ શરૂ કરી હતી. મુખ્યમંત્રી ગેહલોતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારો માટે મફત બસ સેવાઓની સુવિધા આપવાની પણ જાહેરાત કરી હતી. બજેટ દરમ્યાન આ યોજનાનમ્ જાહેરાત કરતી વખતે ગેહલોતે કહ્યું હતું કે, “રાજસ્થાનમાં ઘણા એવા વિદ્યાર્થીઓ છે, જે ખરાબ આર્થિક સ્થિતિથી પીડાય છે અને તેઓ પોતાનું શિક્ષણ પૂર્ણ કરવામાં અસમર્થ હોય છે. જે વિદ્યાર્થીઓ કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા તૈયાર છે અને તેઓ વચ્ચે અભ્યાસ છોડી દેવા મજબૂર બને છે, પરંતુ હવે રાજસ્થાનનો દરેક વિદ્યાર્થી અભ્યાસ કરશે અને અમે સુનિશ્ચિત કરીશું કે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા કોઈપણ વિદ્યાર્થીને નાણાકીય કટોકટીને લીધે અભ્યાસ છોડી દેવો પડશે નહીં. અમારી સરકાર તેમને પ્રોત્સાહિત કરશે અને ટૂંક સમયમાં આયોજનનો અમલ થશે.” સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજસ્થાનમાં યુપીએસસીના આશાસ્પદ પરિણામોથી રાજય સરકાર પ્રભાવિત થઈ છે, અને સરકાર મુખ્યાપ્રધાન અનુપ્રતિ કોચિંગ યોજના ૨૦૨૧ હેઠળ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા મેરીટ સાથેના વિદ્યાર્થીઓ માટે ખાસ શિષ્યવૃત્તિ શરૂ કરવા જઈ રહી છે.

# આબોહવા પરિવર્તનના કારણે પૃથ્વીની ચમક ઝાંખી પડી રહી છે : અભ્યાસ

ન્યુયોર્ક તા.૭

દરિયાના ખારા પાણીના કારણે પૃથ્વીની ચમક ઓછી થવાનું એક અભ્યાસમાં જાણવા મળ્યું જે મુજબ આપણી પૃથ્વી પહેલાંના ૨૦ વર્ષ કરતાં પ્રતિ સ્કવેર મીટર ઓછો પ્રકાશ પ્રતિબિંબિત કરી રહી છે. જિયોફિઝિકલ રિસર્ચ લેટર્સ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવેલ આ અભ્યાસમાં પૃથ્વીના પ્રકાશના માપ માટે દાયકાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચંદ્રની સપાટીને પ્રકાશિત કરતો પ્રકાશ પૃથ્વી પરથી પ્રતિબિંબિત થાય છે. સંશોધકોએ ઉપગ્રહના માપનું વિશ્લેષણ કર્યું છે જેમાં જાણવા મળ્યું છે કે, છેલ્લા બે દાયકાઓમાં પૃથ્વીના પ્રતિબિંબ અથવા અલ્બેડોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેઓએ જોયું કે, પૃથ્વી હવે ૨૦ વર્ષ પહેલાંની સરખામણીમાં ચોરસ મીટર દીઠ અડધા વોટ ઓછો પ્રકાશ પ્રતિબિંબિત કરી રહી છે, છેલ્લા ત્રણ વર્ષમાં પૃથ્વીના તેજમાં વધુ ઘટાડો થયો છે. સંશોધકોના જણાવ્યા મુજબ પૃથ્વીના પ્રતિબિંબમાં તે ૦.૫ ટકાના ઘટાડા સમાન છે. તેઓએ નોંધ્યું કે, પૃથ્વી તેના ઉપર ચમકતા લગભગ ૩૦ ટકા સૂર્યપ્રકાશને પ્રતિબિંબિત કરે છે. ન્યૂજર્સી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના સંશોધક અને અભ્યાસના મુખ્ય લેખ ફિલિપ ગુડે જણાવ્યું હતું કે, જ્યારે અમે લગભગ સપાટ આલ્બેડોના ૧૭ વર્ષ પછી છેલ્લા ત્રણ વર્ષના ડેટાનું વિશ્લેષણ કર્યું ત્યારે આલ્બેડો ડ્રોપ અમારા માટે આશ્ચર્યજનક હતું. ગુડે દક્ષિણ કેલિફોર્નિયામાં બિર્ન બેર સોલર ઓબ્ઝર્વેટરી દ્વારા ૧૯૯૮થી ૨૦૧૭ સુધીના પૃથ્વીના ડેટાનો ઉલ્લેખ કરી રહ્યા હતા. સંશોધકોએ જણાવ્યું હતું કે, જ્યારે પાછલા વર્ષોમાં નવીનત ડેટા ઉમેરવામાં આવ્યો ત્યારે પૃથ્વીનું તેજ મંદ થવાનો ટ્રેન્ડ સ્પષ્ટ થયો હતો. તેઓએ નોંધ્યું કે, પૃથ્વી ઉપર પહોંચતા ચોખ્ખા સૂર્યપ્રકાશનો બે બાબતો અસર કરે છે એક સૂર્યનું તેજ અને બીજું ગ્રહનું પ્રતિબિંબ. સંશોધકો દ્વારા નિહાળવામાં આવેલા પૃથ્વીના આલ્બેડોમાં થયેલા



ફેરફાર સૂર્યના તેજમાં સમયાંતરે થતા ફેરફારો સાથે સહસંબંધ ધરાવતા નથી. એટલે કે પૃથ્વીની પ્રતિબિંબિતતામાં ફેરફાર થવાનું કારણ પૃથ્વી ઉપર કોઈ વસ્તુ જ છે. નાસાના કલાઉડસ અને પૃથ્વીની તેજસ્વી ઉર્જા પ્રણાલી પ્રોજેકટના ભાગરૂપે કરવામાં આવેલા ઉપગ્રહ માપણી અનુસાર તાજેતરના વર્ષોમાં પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં તેજસ્વી, પ્રતિબિંબિત નીચાણવાળા વાદળોમાં ઘટાડો થયો છે, તે જ વિસ્તાર છે જ્યાં વૈશ્વિક આબોહવા પરિવતર્ન સાથે સંભવિત જોડાણો સાથે આબોહવાની સ્થિતિના પલટાને કારણે સમુદ્ર સપાટીના તાપમાનમાં વધારો નોંધવામાં આવ્યો છે. પૃથ્વીની ઝાંખપનો પૃથ્વીની આબોહવા પ્રણાલી દ્વારા કેટલી વધુ સૌર ઉર્જા પકડવામાં આવી રહી છે તેના સંદર્ભમાં પણ જોઈ શકાય છે. ઘણા વૈજ્ઞાનિકોએ આશા વ્યક્ત કરી હતી કે, ગરમ પૃથ્વી વધુ વાદળો અને ઊંચા આલ્બેડો તરફ દોરી શકે છે, જે પછી તાપમાનને મધ્યમ કરવામાં મદદ કરશે અને આબોહવા વ્યવસ્થાને સંતુલિત કરશે.

# ભાજપની રાજકીય વર્ચસ્વની લાલસા ચીનની ઘૂસણખોરી અને રાષ્ટ્રીય સુરક્ષાના પતન માટે કારણભૂત માનવામાં આવે છે

(એજન્સી) તા.૭

તાજેતરમાં એવા અહેવાલો સામે આવ્યાં હતાં કે ચીનના સૌન્યો પીપલ્સ લિબરેશન આર્મીના (પીએલએ) ૧૦૦થી વધુ સૈનિકોએ ઓગસ્ટમાં ઉત્તરાખંડના બારાહોતી સોકટરમાં વાસ્તવિક અંકુશ રેખા (એલએસી) ઓળંગીનો ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરી હતી. આ સૈનિકોએ ભારતના કેટલાક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નુકસાન પહોંચાડ્યું હતું. ખાસ કરીનો એક પુલને તોડી પાડીનો તેઓ પીછેહઠ કરી ગયાં હતાં. આ અગાઉ જૂન,૨૦૨૦માં લદ્દાખની ગલવાન ખીણમાં પણ ચીની સૈનિકો સાથેની અથડામણમાં ૨૦ ભારતીય નાગરિકો માર્યા ગયાં હતાં. જો કે ભારતે સત્તાવાર ઉત્તરાખંડમાં પીએલએની ઘૂસણખોરી અંગે સમર્થન આપ્યું નાથી,

પરંતુ સંઘર્ષની બે ઘટનાનો સરકારની પ્રતિક્રિયા એ બતાવે છે કે ચીનના ઈરાદા અને ભાવિ સંઘર્ષને સામજવા માટે તે ભાગ્યે જ વ્યૂહાત્મક ધ્યાન આપે છે. લદ્દાખમાં ચીનની ઘૂસણખોરીનું સૌપ્રથમ જાહેર રિપોર્ટિંગ પત્રકાર અજય શુકલાએ ૨૩,મે ૨૦૨૦ના રોજ કર્યું હતું જેમાં તેમણે એવો દાવો કર્યો હતો કે ચીનો પોતાની રેખાનું ઉલ્લંઘન કર્યું છે. સરકારે આ અહેવાલોનો તત્કાળ રદિયો આપ્યો હતો. પરંતુ ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે અમેરિકાના સંરક્ષણ મંત્રી માર્સ એસ્પર સાથે આ ઘૂસણખોરી અંગે ૩૦ મે ૨૦૨૦ના રોજ વાત કરી હતી અને ૩ જૂન ૨૦૨૦ના રોજ સમર્થન આપ્યું હતું. સરહદી અથડામણો તરફ દોરી જતી ઘટનાઓ ભારતની ગુપ્તચર અનો લશ્કરી ઓપરેશન્સ અંગે કેટલાક અહમ્ પ્રશ્નો ઊભા કરે છે પરંતુ ભારતની રાજકીય નેતાગીરી અને નાગરિકો તરફથી જવાબદારી નિર્ધારિત કરવાની માગણીના અભાવનો લઈનો ભારતના વલણનો સમજવું મહત્ત્વપૂર્ણ છે. ‘ધ આર્ટ ઓફ કન્ઝ્યોરિંગ ઓલ્ટરનોટ રિયાલિટીઝ’ એવા અમારા પુસ્તકના એક પ્રકરણમાં જણાવ્યું છે કે ભારતની રાજનીતિ ઉપર સંપૂર્ણ અંકુશ પ્રસ્થાપિત કરવાની ખોજમાં શાસક ભાજપે છેલ્લા કેટલાક વર્ષમાં ભારતની દરેક સંસ્થાઓને કેપ્ચ્યોર કરવાની કાર્યવાહી કરી છે. મીડિયા, બ્યુરોક્રેસી, તપાસ સંસ્થાઓ, ગુપ્તચર સંસ્થાઓથી લઈનો આંકડાકીય સંસ્થાઓ સુધી ભાજપે તેના ઉપર સફળતાપૂર્વક પોતાના સંપૂર્ણ અંકુશ પ્રસ્થાપિત કર્યો છે.

## ચીનના ધડ-માથા વગરના આરોપો ઉપર વિદેશ મંત્રાલયનો જવાબ


# LAC ઉપર શાંતિ ભંગ માટે ચીન જવાબદાર : અરિન્દમ બાગચી

**ચીનના પાયાવિહોણા આરોપો ઉપર વિદેશ મંત્રાલયે કહ્યું કે, ચીન હજુ સરહદી વિસ્તારોમાં સતત સૈનિકો અને સૈન્ય સાધન સામગ્રીની તૈનાતી કરી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૭

પૂર્વ લદાખમાં સ્થિતિ અંગે ચીનના વિદેશ મંત્રાલય દ્વારા કરાયેલી ટિપ્પણીનો ભારતના વિદેશ મંત્રાલયે જડબાતોડ જવાબ આપ્યો છે. હાલમાં જ ચીનના વિદેશ મંત્રાલયે પૂર્વ લદાખમાં તણાવની સ્થિતિ પાછળ ભારતને જવાબદાર ઠેરવ્યું હતું જો કે વિદેશ મંત્રાલયે ચીનના આવા નિવેદનોને ફગાવી દીધા છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કહ્યું કે ચીનનો ઉશ્કેરણીજનક વ્યવહાર, યથાસ્થિતિને એકતરફી રીતે બદલવાની કોશિશના પરિણામ સ્વરૂપ પૂર્વ લદાખમાં એલએસી સંલગ્ન વિસ્તારોમાં શાંતિ ભંગ થઈ છે.

ચીનના પાયાવિહોણા આરોપો ઉપર વિદેશ મંત્રાલયે કહ્યું કે ચીન હજુ પણ સરહદી વિસ્તારોમાં સતત સૈનિકો અને સૈન્ય સાધન સામગ્રીની તૈનાતી કરી રહ્યું છે. ચીનની ગતિવિધિઓની પ્રતિક્રિયામાં ભારતીય સશસ્ત્ર દળોએ યોગ્ય જવાબી તૈનાતી કરવી પડી છે. આશા છે કે ચીની પક્ષ પૂર્વ લદાખમાં એલએસી પાસે બાકી મુદ્દાઓના જલદી સમાધાનની દિશામાં કામ કરશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિન્દમ બાગચીએ કહ્યું કે ચીનના આરોપોમાં કોઈ આધાર નથી અને ભારત આશા કરે છે કે ચીની પક્ષ દ્વિપક્ષીય સમજૂતિ અને પ્રોટોકોલનું સંપૂર્ણ પણે પાલન કરશે. ચીને હાલમાં જ આરોપ લગાવ્યો કે બંને દેશો વચ્ચે તણાવનું મૂળ કારણ ભારત દ્વારા ‘આગળ વધવાની નીતિ’નું અનુસરણ કરવું અને ચીન ઉપર ‘ગેરકાયદેસર રીતે અતિક્રમણ’ કરવાનું છે. જેના જવાબમાં ભારતે આ પ્રતિક્રિયા આપી છે. ચીનના આરોપ ઉપર બાગચીએ કહ્યું કે ભારત થોડા દિવસ પહેલા જ આ મામલે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી ચૂક્યું છે અને આવા નિવેદનો ફગાવી ચૂક્યું છે. જેનો કોઈ આધાર જ નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિન્દમ બાગચીએ આ મહિનાની શરૂઆતમાં દુશાંબેમાં એક બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકરના પોતાના ચીની સમકક્ષને આપેલા સંદેશનો પણ ઉલ્લેખ કર્યો. પેંગોંગ લેક વિસ્તારમાં હિંસક ઘર્ષણ બાદ પૂર્વ લદાખમાં ગત વર્ષ ૫ મેના રોજ ભારતીય અને ચીની સેનાઓ વચ્ચે સરહદ પર ગતિરોધ શરૂ થઈ ગયો હતો. બંને પક્ષોએ ધીરે ધીરે હજારો સૈનિકોની સાથે સાથે ભારે હથિયારોની પણ તૈનાતી વધારી. સૈન્ય અને રાજનયિક વાર્તાની એક શ્રૃંખલાના પરિણામ સ્વરૂપે બંને પક્ષોએ ગત મહિને ગોગરા વિસ્તારમાં ડિસએન્ગેજમેન્ટ પ્રોસેસ પૂરી કરી. ફેબ્રુઆરીમાં બંને પક્ષોએ ડિસએન્ગેજમેન્ટ ઉપર એક સમજૂતિ મુજબ પેંગોંગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારેથી સૈનિકો અને હથિયારોની વાપસી પૂરી કરી. હાલ સંવેદનશીલ વિસ્તારમાં એલએસી પર બંને પક્ષોના લગભગ ૫૦થી ૬૦ હજાર સૈનિકો તૈનાત છે.



# જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા ત્રીજી ટર્મ ઈનપુટ ડિલર કોર્ષ શરૂ કરાયો

## ગુજરાતનું કૃષિ ક્ષેત્ર દેશમાં પ્રગતિશીલ છે : વિસ્તરણ શિક્ષણ નિયામક





જૂનાગઢ, તા.૭

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી ખાતે જંતુનાશક દવાનો ત્રીજી ટર્મના સર્ટીફીકેટ કોર્ષ ઓન પેસ્ટીસાઈડ મેનેજમેન્ટનો પ્રારંભ થયો હતો. જેમાં ૭૬૮ ડીલરોનાં સહભાગી થયા હતા.

આ કાર્યક્રમના અધ્યક્ષ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.એન.કે.ગોટીયાએ જણાવ્યુંકે, આજે જે કોર્ષ ચાલુ કરી રહ્યા છે તે વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ અને મહત્વનો પુરવાર થશે. ખેડૂતો હાલ જાગૃત થયા છે અને વૈજ્ઞાનિક રીતે ખેતી કરતા થયા છે. છતાં ખેડૂતો વિદ્યાર્થીનેપૂછી ને જ ૮૦% ખેતી કરે છે.

વિદ્યાર્થીનો મુખ્ય વિષય પાક સંરક્ષણ છે. આ દ્રષ્ટીએ વિદ્યાર્થી ભૂમિકા મહત્વની છે. આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામકે જણાવ્યું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી અત્રેના કેન્દ્ર તેમજ ૬ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો જેવાકે જામનગર, અમરેલી, તરઘડીયા, નાના કાંધાસર, ખાપટ અને મોરબી તેમજ ફળ સંશોધન મહુવા અને પોલી ટેકનીક ધારી ખાતે ૨૩ બેચના ૭૬૮ ડીલરોનો કોર્ષ ચાલુ કરવામાં આવેલ છે. ગુજરાત રાજય ખેતી ક્ષેત્રે દેશમાં પ્રગતિશીલ રાજય તરીકે સ્થાન પામેલ છે. આધુનિક ખેતીની સાથે રાજયનાં ૮૦ ટકા ખેડૂતો ઈનપુટ ડીલર્સ પાસેથી માહિતી મેળવે છે. વિદ્યાર્થીઓ ખેડૂતો સુધી નવી ટેકનોલોજી પહોંચાડવા માટેના વાહક છે.

આ તકે સેક્રેટરી ઓલ ઈન્ડીયા એગ્રો ઈનપુટ એસોસીએશનના અરવિંદભાઈ ટીંબડીયાએ જણાવ્યું કે, આ કોર્ષથી વિદ્યાર્થીઓને ઘણો ફાયદો થશે. આ પ્રસંગે ઈનપુટ ડીલર એસોસિએશન દ્વારા ડો. એન. કે. ગોટીયા, ડો.એચ.એમ. ગાજીપરા, ડો. જી. આર. ગોહિલ અને જયદીપસિંહ ચૌહાણનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. એચ સી. છોડવડીયા, ડો.પી.જે. ગોહિલ, પ્રો. પીન્કીબેન શર્મા તેમજ સાવનભાભોરે જહેમત ઉઠાવી હતી.

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ક્લીન ઈન્ડિયા થીમેટીક ડ્રાઈવ કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ,તા. ૭

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના કલીન ઈન્ડીયા ડ્રાઈવ કાર્યક્રમ તા.૧૬/૧૦/ ૨૦૨૧ ના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત સુભાષ આર્ય કન્યા વિદ્યાલય, સ્વામિનારાયણ જ્ઞાનબાગ ગુરૂકુળ, મીનરાજ શૈક્ષણિક સ્કૂલ, વણઝારી પ્રાથમિક શાળા, આર.જે. કનેરિયા, ગર્લ્સ હાઈસ્કુલ, એકલવ્ય પબ્લિક સ્કૂલ, આર.એસ કાલરીયા પ્રાથમિક શાળા, કોર્મેલ કોન્વેન્ટ સ્કુલના પ્રતિનિધિઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા સ્કૂલ કેમ્પસ તેમજ તેની આસપાસના રહેઠાણ વિસ્તારમાં સફાઈ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સેગ્રીગેસન અંગેની માહિતી પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોર્પોરેટર દીવાળીબેનપરમાર, શિલ્પાબેન જોશી તેમજ વોટર વર્કસઈજનેર અલ્પેશભાઈ ચાવડા, પર્યાવરણ ઈજનેર રાજુભાઈ ત્રિવેદી, પ્રશાંત દેસાઈ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસ નિમિત્તે રેલી યોજાઈ



જૂનાગઢ તા. ૭

સાંપ્રત એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૬-૧૦-૨૧ ના રોજ વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ જેમાં સંસ્થા દ્વારા સવારે ૮.૩૦થી ૯.૩૦ વાગ્યા સુધી રેલી કાઢવામાં આવેલ હતી. જેમનો રૂટ રૂટ જૂનાગઢના શહીદ પાર્કથી પ્રસ્થાન કરી કાળવા ચોક સુધી રાખવામાં આવેલ છે. જેમાં ટ્રેકટર અને વ્હીલચેરમાં દિવ્યાંગોને બેસાડીને રંગલા રંગલીના નાટક સાથે રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીનો જીલ્લા કલ્યાણ સમિતિના ચેરપર્સન ગીતાબેન માલમ, કાનુની સેવા સત્તા મંડળના સચિવ પી.એમ. આટોદરીયા, જીલ્લા બાળસુરક્ષા અધિકારીઆર.સી. મહીડા દ્વારા રેલીને લીલી ઝંડી આપી હતી. આ રેલીનો ખાસ ઉદેશ્ય સમાજમાં દિવ્યાંગો પ્રત્યેની જાગૃતિ લાવવાનો સંસ્થા દ્વારા વિશેષ પ્રયત્ન કરવામાં આવેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર તથા સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# વાસ્મો દ્વારા શાંતીપરા ખાતે રૂા.૩૫.૩૯ લાખનાં વિકાસકામો મંજુર કરાયા

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ વાસ્મો દ્વારા માળીયા હાટીના તાલુકાના શાંતીપુરા ગામ માટે અંદાજીત રૂ.૩૫.૩૯લાખના વિકાસકામો મંજુર કરાયા છે. જેમાં ભૂગર્ભ સમ્પ, રાઈઝીંગ પાઈપલાઈન, વિતરણ પાઈપલાઈન, એક સરખા પ્રેસર માટે ટી-સેક્શન,હયાત કુવો, પંપીગ મશીનરી, પાવર કનેકશન, ટેન્ડર ચાર્જ માટે કામો હાથ ધરવામાં આવશે.શાંતીપરા ગામના લોકોની વસ્તી ૧૯૭૩ છે ત્યારે આ ગામના વિકાસના કામો માટે અંદાજીત રૂા.૩૫.૩૯ લાખના વિકાસકામો મંજુર કરાયા છે. જેમાં ભૂગર્ભ સમ્પ, રાઈઝીંગ પાઈપલાઈન, વિતરણ પાઈપલાઈન(પીવીસી ૬ કેજી/મી), ૭૫મીમી-૫૨૭મીમી, ૯૦મીમી-૧૧૯૮મી, પમ્પીંગ મશીન, એચ.પી.-૧૦, એલપીએસ-૭૦૦, હેડ-૨૪મી, એક સરખા પ્રેસર માટેની ટી-સિસ્ટમ, પંપ હાઉસ, પાવર કનેક્શન, હયાત કુવો રીપેરીંગ, ટેન્ડર ચાર્જ, સહિતના વિકાસના કામો કરવામાં આવશે.

# જૂનાગઢ મહાનગરના વિવિધ પ્રશ્નોએ મનપા અને વહીવટીતંત્રને આવેદન અપાયું

જૂનાગઢ તા. ૭

જૂનાગઢ મહાનગરના વિવિધ પ્રશ્નોએ મહાનગરપાલિકા તંત્ર અને વહીવટી તંત્રનો ઓનલી ઈન્ડીયન વન મેન એનજીઓ દ્વારા આવેદનપત્ર અપાયું છે જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાં યુરિનલની સુવિધા ઉભી કરવા, આ ઉપરાંત માંગનાથ રોડ ઉપર મહિલાઓ માટે યુરિનાલની સુવિધા ઉભી કરવા, સીટી બસ સુવિધા સાથે ૪ જેટલા પીકઅપ સ્ટેન્ડ બનાવવા, દામોદરકુંડ અને ભવનાથ રોડ ઉપર જનરલ યુરિનલ બ્લોક બનાવવા, નરસિંહ તળાવનું બ્યુટીફીકેશન સત્વરે હાથ ધરવા, શહેરના દરેક ચાર ચોક ઉપર સરસ કલાત્મક ટ્રાફીક સર્કલ પોઈન્ટ બનાવવા, ત્રણથી વધુ બગીચા બનાવવા, પાર્કિંગની જગ્યા ફાળવવા સહિત વિવિધ પ્રશ્નોએ રજુઆત કરીને પ્રજા હિતમાં નિર્ણયો લઈ શહેરનો રળીયામણું અને સુંદર બનાવવા માંગણી કરી છે.

# જૂનાગઢના જયોતિષી દિનેશકુમાર ભટ્ટનાં મતે બુધ ગ્રહનું બારેય ભાવના ફળ વિષે જાણીએ

(૧) બુધ પ્રથમ ભાવમાં હોય ત્યારે હંમેશા સારા ફળો આપે છે. વિદ્વાન, ધનવાન, સુખી અને દયાવાન બનાવે છે. આ જાતક ઘણી ભાષાઓ જાણે છે. જાતકની માનાસિક શક્તિ વિકાસ પામેલી હોય છે. જાતક ઘણાં વિષયોમાં માથુ મારે છે. શરીરે ઉંચુ બનાવે છે. લગ્નને ઉચ્ચનો બુધ તીવ્ર કલ્પના શક્તિ સુચવે છે.

(૨) બુધ બીજા ભાવમાં હોય ત્યારે આર્થિક દ્રષ્ટિએ સારો છે. જાતકની દલીલ શક્તિ અને માનસિક વિકાસ સારો હોય છે. ઉદ્યોગ, ધંધા, પગ, વ્યવહાર, દલાલી, જાહેર ખબર વગેરે માનસિક શક્તિ જેમાં વપરાતી હોય તેવા ધંધા દ્વારા ધનની પ્રાપ્તિ થાય છે.

(૩) બુધ ત્રીજાભાવમાં હોય ત્યારે અહીં પણ બુધ સારા ફળ આપે છે. ચાતુર્ય વધારે છે, જાતજાતના પ્રવાસ સુચવે છે. વિધ્વાનના અનેક શાખાઓમાં રસ ધરાવે છે. ત્રીજે બુધ સામાન્ય રીતે જુદા-જુદા વિષયોમાં રસ લેવડાવે છે. જયોતિષી સામુહિક કે અન્ય કોઈ ગુપ્ત વિદ્યામાં પણ રસકારક બને છે. ભાઈઓની સાથે મેળ સારો હોય છે. જાતકને ગુણવાન બનાવે છે. ત્રીજુ સ્થાન બુધ માટે સારૂ ગણાય છે.

(૪) બુધ ચોથા ભાવમાં હોય ત્યારે ચોથા ભાવમાં બુધ જાતકને વારંવાર ગ્રહપરિવર્તન કરાવે છે. એટલે અહીં બુધ હોય ત્યારે ઘરનો મામલો હંમેશા પલટાતો રહે છે. વિદ્યામાં સફળતા સુચવે છે. જયોતિષના પ્રાચીન ગ્રંથોમાં બધે જ ચોથે બુધ હોય ત્યારે જ્ઞાનવાન ધની એ શબ્દ મળી આવે છે. પરંતુ તે રાશિ અન્ય કોઈ રીતે બળવાન હોય તો સારૂં નહિંતર વૃધ્ધાવસ્થાના દિવસોમાં નુકશાનકારક બને છે.

(૫) બુધ પાંચમાં ભાવમાં હોય ત્યારે બાળકો માટે વધુ ઝંખના કરાવે છે અને તેમને સંતતિ વધારે હોય તે ગમે છે. પણ પાંચમે બુધ હોય તો તે જાતકનો પ્રેમમાં અસ્થિર સ્વભાવ દર્શાવે છે. નાટક, સંગીત સિનેમા, આદિનો જાતકને શોખ હોય છે. શુભ બુધ પાંચમે સહુ માટે સારો છે.

(૬) બુધ છઠ્ઠા ભાવમાં હોય ત્યારે તંદુરસ્તી માટે સારો નથી. દ્વસ્વભાવ રાશિનો બુધ ક્ષય રોગ સુચવે છે. ચિંતાઓ અને માનસિક ત્રાસથી આરોગ્ય કથળે છે. અગ્નિ માદ્ય ઉત્પન્ન કરે છે. સગાઓની સાથે કજીયા કરાવે છે. કરજો ઉત્પન્ન કરાવે છે, માનસિક સુખ મળતું નથી.

(૭) બુધ સાતમાં ભાવમાં હોય ત્યારે જાતકને કુશળ અને શિક્ષિત ભવન સાથી મળે છે. કેટલીકવાર અહીં સાતમે બુધ પત્ર વ્યવહાર દ્વારા લગ્નનો કારક બને છે. સાતમે બુધ ભાગીદારી માટે સારો નથી. કારણ કે મોટા ભાગે તે નુકશાન કરાવે છે. પરંતુ સાતમે બુધ ઉચ્ચનો હોય તો લગ્ન પછી ભાગ્યોદય સુચવે છે. જયારે નબળો બુધ સાતમે હોય ત્યારે માનસિક ત્રાસ સુચવે છે.

(૮) બુધ આઠમાં ભાવમાં હોય ત્યારે જાતકને આધ્યાત્મિક વિષયોમાં રસ પડે છે. લગ્ન પછી નાણાભીડ રહે છે અને માનસિક નબળાઈ પણ ઉત્પન્ન કરે છે. મહાન જયોતિષચાર્ય આઠમે બુધને મહત્વ આપતા જણાવે છે એટલે કે પ્રખ્યાત ધનવાન અને બુધ્ધીવાન હોય વાસ્તવમાં બુધનો આટલો સુંદર ફળો અમોને આઠમે જોવા મળ્યા નથી.

(૯) બુધ નવમાં ભાવમાં હોય ત્યારે જાતકને હિમંતવાન ધનિક અને ઉત્સાહી બનાવે છે. જાતક ભિન્ન-ભિન્ન ધર્મોનો અભ્યાસ કરે છે. જાતકની ભાષા અલંકારીક અને ઉંચી હોય છે. જાતકને વિવિધ કળાઓમાં અભિરૂચી ઉત્પન્ન કરે છે. નૃત્ય, સંગીતમાં શોખ કરાવે છે. નવમે બુધ વિદ્યાના યોગ માટે દેશાટન બનાવનાર બને છે.

(૧૦) બુધ દશમાં ભાવમાં હોય ત્યારે જાતક ઘણો બુધ્ધીવાન થાય છે. તેની યાદ શક્તિ ઘણી સરસ હોયછે. તેની વાણી પણ સુંદર હોય છે. સાહિત્ય, વિજ્ઞાપન કે ઉદ્યોગ આ ત્રણમાંથી કોઈમાં પણ સફળતા અપાવે છે. બુધ અહીં કેન્દ્રમાં કોઈ ઉચ્ચનો હોય કે અન્ય કોઈ ગ્રહો જોડે ઉચ્ચ યોગો કરતો હોય તો જાતક ઘણું ધન કમાય છે અને તે જાતકને નમ્ર, વિશ્વાસુ અને નિખાલસ બનાવે છે. દશમે બુધ સ્ત્રીઓ કરતા પુરૂષોની કુંડળીમાં વધુ સુંદર ફળો આપે છે. જાતકને દાનવીર પણ બનાવે છે.

(૧૧) બુધ અગીયારમાં ભાવમાં હોય ત્યારે જાતક અને માર્ગે ધન કમાય છે. સ્ત્રીઓમાં તે પ્રાપ્તિયાગ થાય છે અને ચારિત્ર્યવાન પણ હોય છે. અહીં બુધ, કન્યા, મિથુન કે તુલાનો હોય તો તે જાતકને મહાન લેખક કે વકતા બનાવે છે. જાતકને સારા મિત્રો મળે છે અને તે મિત્રો દ્વારા તેપ્રગતિ સાધે છે. જાતકને પરિક્ષાઓમાં પણ આ યોગ ઘણી સફળતા અપાવે છે. ઉદ્યોગ ધંધા માટે પણ આ સ્થિતી સારી છે.

(૧૨) બુધ બારમાં ભાવમાં હોય ત્યારે જાતકને ખર્ચાળ બનાવે છે. તે ઘણું વ્યય કરે છે. અહીં બુધ કઈ રાશિનો છે તેના ઉપર ફળાદેશનો આધાર છે. આ જાતક વિસ્તૃત વર્ણનાત્મક શક્તિ નથી ધરાવતા, માનસિક શક્તિ પણ વિકાસ પામી હોતી નથી.

-:: જયોતિષી ::-
**દિનેશકુમાર અનંતરાય ભટ્ટ**
પંચહાટડી ચોક, શારદા શેરી, જૂનાગઢ
મો. ૯૮૨૪૪ ૨૨૨૮૦/ ૯૪૨૮૩ ૭૩૪૪૨

# આજે પ્રથમ નવરાત્રી : શૈલપુત્રીની પૂજા

માં નવદુર્ગાનું પહેલું સ્વરૂપ શૈલપુત્રીના નામથી ઓળખાય છે. માતાજીએપર્વતરાજ હિમાલયના ઘરે પુત્રી તરીકે જન્મ લીધો હોવાથી શૈલપુત્રી નામ પડેલ. માતાજીના હાથમાં ત્રિશૂલ અને કમળ પુષ્પ સુશોભિત છે. માતાજીએ પોતાના પુર્વજન્મમાં દક્ષ પ્રજાપતિના ઘરે જન્મ લીધો હતો. અને વિવાહ મહાદેવજી સાથે થયેલ. દક્ષ પ્રજાપતિએ હવન કરેલ પરંતુ તેમાં મહાદેવજીને આમંત્રણ નહોતું આપેલું. આમ સતી હવનમાં જાય છે અને યોગીની દ્વારા બળીને ભસ્મ થાય છે. ત્યારબાદ બીજો જન્મ પર્વતરાજ હિમાલયને ત્યાં થાય છે અને ફરીથી મહાદેવજીને પરણે છે. માતજીનો ઉપાસનાનો મંત્ર છે 'ૐ હ્રીં શિવાયૈ નમઃ' માતાજીને નૈવેધમાં દુધની મીઠાઈ અર્પણ કરવી.

– શાસ્ત્રી રાજદીપ જોષી

# કોરોના ટાઈમ પાસ

## ગામને ગોકુળીયુ બનાવો.

હિન્દુ તહેવાર આવે એટલે ગામડામાં થનગનાટ થવા લાગે. નાના-મોટા, વડિલો, મહિલાઓ ઉપરાંત ખાસ રાજનીતિમાં રસ લેતા રસિયાઓમાં ઉભરો આવે જ.

-જન્માષ્ટમી તહેવાર આડે દસ દિવસ બાકી રહ્યા છે. ગામના પાદરે આવેલ મંદિરમાં વાસુદેવ કૃષ્ણની મૂર્તિનો સોળ થી એકવીસ જેટલા આકર્ષક વાધા - શણગાર થી શુષોભિત થઈ રહ્યો છે.

- કેસરી વાધા - ગોકુળધામ ઉત્સવ કાર્યક્રમ ની ગામલોકોએ યોજના બનાવી છે.

-લોકો ટી.વી. માં જેવું જુએ એવું બધું ‘ નકલ ’ કરવા લાગ્યા છે.

-જય કનૈયાલાલકી...

-ધાર્મિક કાર્યક્રમ પૂર્ણ થયા પછી આવતી ચૂંટણીની બંધ મુઠીમાં વાતચીત શરૂ થઈ ગઈ અને થોડોક ચણભણાટ થયો એટલે એક પીઢ અને સાત ચોપડી ભણેલા ડોશી માં ઉભા થયા અને બોલ્યા, ‘‘ભાઈઓ ! સરકારો અને નેતાઓ તો આવે અને જશે, આપણે ખેતી કરનારાઓ ખેડુ છીએ, વખતની વાટે હાલો -દિકરા દિકરી ને ભણાવો અને પરસેવો પાડો - ઈ.. સાચુ જીવન છે, - કહુ છું, કુદાકા ઓછા કરીને ગામને ગોકુળ

- નંદગાંવ બનાવો ‘‘ સભામાં ખુબ તાળીયુ પડી ! - - કાના બાપાએ ઉભા થઈને ગામલોકોને કહ્યુ ‘‘ ભાઈઓ કાનુડો તો સૌ..સૌ..ના હ્દયમાં છે. પરંતુ મારી સલાહ છે કેઆ ઉજવણીઓ મેળાવડાઓ રાજકિય સ્ટંટ -કે ધડબાડ કરતા પ્રોગ્રામો હવે સમય પ્રમાણે ઓછા કરીને ખોટો ખર્ચાઓ હવે ના કરો ! -માત્ર ને માત્ર સાદગી અપનાવો, - ઈમા સાચુ સુખ છે. - શું સમજણ પડી કે ? હજી કોરોના ગયો નથી, - કોરોનાથી બચો !

## વિદેશના એક રાજાની દંતકથા છે

એક રાજ્યનો રાજા દંભી હતો, તે તેના હરીફને દરેક બાબતમાં મહાત કરી દે તો અને પ્રજાને દંભી બનાવીને પ્રજા પાસેથી ભારે કર ઉઘરાવ્યા કરતો હતો.

-આ રાજાની જોહુકમીસરમુખત્યાર શાહી અને ખોટા આચરણને લીધે પ્રજાનું મજગ ધીરે ધીરે કલુષિત થઈ ગયું, પ્રજા અશાંત થઈ એટલે પ્રજાની વિચારવાની ક્ષમતા તદ્દન કુંઠિત (જડ) થઈ ગઈ.

- રાજાને અને પ્રજાને એક બીજા ઉપર વિશ્વાસ ના રહ્યો એટલે રાજા વિરૂધ્ધ પ્રજાએ બળવો ક્યો઼. પ્રજા ઝનુની બની અને દુઃખી પ્રજામાં એકતા થઈ.

- એક દિવસ કોઈએ નિષ્ઠુર તેમજ આ શોષણખોર રાજાને ઝેર આપીને મારી નાખ્યો.

- રાજાની રાણી દયાળુ હતી, પરંતુ બીજા આગળ તેની રાણીની કોઈ સલાહ રાજા માનતો નહોતો.

-રાજા મૃત્યુ પછી રાણીએ રાજ કારભાર હાથમાં લઈને રાજાના ખોટા કાર્યો કરનારાઓ તમામને મૃત્યુદંડ આપ્યો, અને મિલકતો જપ્ત કરી.

-અને રાજવહીવટમાં મહિલાઓની નિયુક્ત કરી, જે ઈમાનદાર અને સમજદાર હતી.

-રાજાના ખોટા સલાહકારો અને વાહ.. વાહ.. કરનારઓ તથા ખુદ રાજાને ને રાજ્યની પ્રજા તરત જ વિસરી ગઈ.

- નિષ્ઠુર રાજાના હાથમાં સતા હોય તો આવું જ થાય !

- જ્યાં દયાવાન શાસન હોય - ત્યાં પ્રજા અવશ્ય સુખી થાય.

## આપણે શું ?

માણસનો સ્વભાવ છે કે નીતિમતાની ની ગુણવતાની પ્રમાણિકતાની, પરોપકારની અને માનવતાની, સવારની સાંજ સુધીમાં અવારનવાર વાતો કરે, પરંતુ એવુ કશુ થાય નહિ કેમ કે હવે વ્યવહાર જ અમુક ચોક્કસ પ્રકારની સીસ્ટમથી જ થાય છે.

-પ્રથમ ચરણે -આપણે એકલા પ્રમાણિક જ રહીએ તો શું થાય? - લોક સમુહ પ્રમાણિતને બેવકુફ કે સિધ્ધાંતોનું પૂંછડું જ કહેવાનો!

- માનવ સમાજની ગાડી હવે માત્ર એક જ પાટા ઉપર જ દોડી રહી છે, અર્થાત હવે એવી પ્રથા બની ગઈ કે પિતા રાજકારણી હોય તો પૂત્ર રાજકારણી બને ! - પિતા અમલદાર હોયતો પૂત્રને અમલદાર બનાવવા ભરપૂર પ્રયાસ કરે ! રેલ્વેનો અમલદાર હોય તો સમગ્ર પરિવાર આ દેશમાં મફત જ મુસાફરી કરે !

-ન્યાયાધિશ કે વકિલ પોતાના પુત્રને પોતાનો જ વારસો આપવા જરૂર ઈચ્છે ! - દેશમાં ભ્ષ્ટાચાર, કૌભાંડો અને બેઈમાની કે મોંધવારી વધે તો તેની ચિંતા કરવા માટે માબાપ -વડિલ જેવી સરકાર બેઠી જ છે.

- આપણે મત આપી દઈએ એટલે પ્રજા તરિકેનું આપણું કર્તવ્ય નીભાવ્યું જ ગણાય ! ‘‘ દેશના ભલે રોડ - રસ્તા તૂટે ! ગુનાઓ રોજ વધ્યા જ કરે! કોઈ વાતે નો જલ્દી ન્યાય ના મળે !

- આવી સમસ્યાઓનો પ્રતિભાવ ? - આપણે શું ? કરીશું અને ભોગવશું એ પણ એટલુ જ નક્કી છે.

## ઉજવણી..ઉજવણી..ઉજવણી !

ઉજવણી પાછળ ઘેલો અમારો દેશ...

-‘‘ઉજવણી એટલે.. કૃત્રિમ આનંદ લુંટવાની રાજકિય, ધાર્મિક અને શૈક્ષણિક નિતીઓ વડે - સસ્તી પ્રસિધ્ધ પામો ! ’’

| | |
|---|---|
| શેર બજાર વધે તો | ઉજવણી |
| તહેવાર આવે તો | ઉજવણી |
| જન્મ દિવસ આવે તો | ઉજવણી |
| ગણેશ , દુર્ગા અને દિવાળી આવે.. તો.. | ઉજવણી |
| ધંધામાં ખૂબ કમાણા... તો... | ઉજવણી |
| મોધવારી વધે કે ધટે... તો... | ઉજવણી |
| ૧૫મી ઓગષ્ટ - ૨૬ જાન્યુઆરી ની | ઉજવણી |

- કોરોના કાળમાં સાદગી અપનાવવાનો બદલે ધોમ ધોમ ઉજવણીઓ થાય...

- સરકાર કોઈ યોજનાની મોટી જાહેરાત કરે તો ઉજવણીઓ થાય.

-સૌથી વધુમાં વધુ ઉજવણીઓ પાર્ટીઓ, મીટીંગો, મેળાવડાઓ, આનંદ - ઉત્સવ પાર્ટી ચૂંટણીના ઉમેદવારોના જીતના જસ્નાની તોફાની પાર્ટીઓ અર્થાત ઉજવણીઓ થાય...

- ક્યાંક ક્યાંક કોઈ મહેણાં મારે છે કે ઉજવણી એટલે ‘‘ દંભ ઉત્સવ ’’ ની પણ ઉજવણીઓ થાય કે નહિ ?

-અરે.. ભાઈ ! આ ઉજવણીઓ ઉપર અઢાર ટકા ‘‘જીએસટી’’ લાગુ કરવાનું કેમ કોઈના ધ્યાનમાં નથી આવતું ?

- લોકો કહે છે. કે ‘ ઉજવણી ’ ની માથે ‘‘ GST ’’ ફટકારમાં આવે તો ભારત દેશના તમામ રોડ - રસ્તા મજબૂત થઈ જાય. અને મજબૂત રોડ - રસ્તાની પણ કોટી કોટી ઉજવણી થાય. !

